समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઇન


સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૪ નવેમ્બર : ૨૦૦૯ અંક : ૫



: પરામર્શનસમિતિ :

**નારાયણ દેસાઈ** — પ્રમુખ
**ભોળાભાઈ પટેલ** — વરિષ્ઠ કાર્યવાહકસમિતિ સભ્ય
**ભારતી ર. દવે** — પ્રકાશનમંત્રી

: તંત્રી :
યોગેશ જોષી

: સહતંત્રી :
પ્રફુલ્લ રાવલ



**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ ◻ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
‘ટાઇમ્સ’ પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફૅક્સ : ૨૬૫૮૭૯૪૭
E-mail : gspamd@vsnl.net
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com





## અ નુ ક્ર મ


| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | નારાયણ દેસાઈ |
| **કવિતા** | સ્ટેશન તો આવ્યું, પણ... ● ચંદ્રકાન્ત શેઠ, કંઈક તો કરો ! ● ચંદ્રકાન્ત શેઠ, બે દિવસ કાવ્યો ● સંસ્કૃતિરાણી દેસાઈ, બે ગઝલ ● સંજુ વાળા |
| **નિબંધ** | પંજો ● કલ્પના દેસાઈ |
| **શતાબ્દીવંદના** | પોરબંદર અને બ્રોકર ● નરોત્તમ પલાણ |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | ઘેરાવ : આંદોલનને જીવંતપણે ઉપસાવતી યાદગાર નવલકથા ● ઉત્પલ પટેલ, કાર્મેલીન : નારીની વ્યથાનું પ્રતીકાત્મક આલેખન ● ડૉ. ભાવેશ જેઠવા |
| **પરિષદવૃત્ત** | સંકલન : અનિલા દલાલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : પ્રફુલ્લ રાવલ |
| **આવરણચિત્ર** | બંસી ખત્રી |

# પરિષદ-પ્રમુખનો પત્ર

રવીન્દ્રનાથ ઠાકુરના મહાદેવભાઈ દેસાઈએ કરેલાં બેત્રણ અનુવાદો જેટલા ગુજરાતમાં પ્રસિદ્ધ છે, તેટલાં તેમનાં બીજાં કેટલાંક ભાષાંતરો નથી. તેમાંનું એક આ મુજબ છે :

**મારું માથું નમાવ રે પ્રભુ તારી ચરણરજની તળે**
**સકળ અહંકારને મારા ડુબાવ અશ્રુજળે**
**કરવા જતાં પોતાનું સન્માન**
**પોતાનું કરું છું નકરું અપમાન**
**પોતાની ફરતે ફૂદડી ફરી ફરી**
**વમળે ડૂબું પળે પળે. સકળ અહંકારને મારા...**
**કદી ના કરું હું મારું સન્માન**
**મારે પોતાને કાજે,**
**તારી જ ઇચ્છા થાઓ પૂર્ણ**
**મારા જીવનમાંહે.**
**યાચું હું તારી ચરમ કાંતિ**
**અંગે અંગે તારી પરમ શાંતિ**
**મને હઠાવી વિરાજો પ્રભુ**
**મમ હૃદયપદ્મદળે. સકળ અહંકારને મારા...**

ભાવક કાવ્ય, ગીત કે ભજનોથી ખાસ તો એટલા સારુ પ્રભાવિત થતો હોય છે કે એના શબ્દોમાં એને પોતાના હૃદયના પડઘા સંભળાતા હોય છે. મારા દિલમાં આ ગીતની બીજી કડીની ચાર લીટીઓ કાંઈક એવી જ રીતે પડઘાતી રહે છે. ઘણી વાર જ્યારે મારા 'સન્માન'નો પ્રસંગ ઊભો થાય ત્યારે મને એ જ લીટીઓ યાદ આવે કે 'કરવા જતાં પોતાનું સન્માન, પોતાનું કરું છું નકરું અપમાન.' સન્માન શોધના વમળમાં જાણે કે હું નાહકનો ગોથાં ખાતો ન હોઉં ! ખરી શોભા બીજાની સાથે પોતાની સરખામણી કરવામાં નહીં, પણ પોતાની જાત સાથે પોતાને સરખાવતા જતા ક્રમશઃ પોતાનું શોધન કરવામાં અને પોતાની ઉન્નતિ કરતા જવામાં છે.

હવે, સાહિત્ય જેમ સમાજ પર પ્રભાવ પાડે છે, તેમ સમાજ પણ સાહિત્ય પર પ્રભાવ પાડે ને ? કદાચ સાહિત્યકારો સમાજ પર જેટલો પાડતા હશે, એના કરતાં કોઈ કોઈ વાર સમાજ જ એમની ઉપર વધુ પ્રભાવ પાડે એવું પણ બને. આજના આપણા સમાજમાં સ્પર્ધા, ગળાકાપ હરીફાઈનું એવું પ્રબળ વર્ચસ્વ જોવા મળે છે કે એની અસર આપણને સાહિત્યના ક્ષેત્ર પર પણ પડેલી દેખાઈ આવે છે. કોઈ વાર કોઈ પુરસ્કાર અંગે, કોઈ વાર કોઈ સમિતિમાં સ્થાન પામવા અંગે, કોઈ વાર કોઈ સંસ્થામાં હોદ્દો મેળવવા, કોઈ વાર આપણી કેટલી કૃતિઓ છપાઈ અને બીજાની કેટલી એની ગણતરી કરતાં આપણે એટલે કે સાવ નવા ઊગતા સાહિત્યકારોથી માંડીને મોટા મોટા લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો સુધી, સ્પર્ધાના વમળમાં પડેલા જણાઈએ છીએ. આ તો સીધી સ્પર્ધાત્મક સમાજની આપણી ઉપર પડેલી અસરનું સન્માન શોધતો કેમ બની ગયો હશે ? કોઈ કોઈ સભા દરમિયાન તો એવું કૌતુક જોવા મળતું કે બહારથી જ જાણે પરિણામ હોય એમ લાગે છે. સાહિત્યકારો જ્યારે પોતાની જાતને તપાસવાને બદલે કોઈ અન્ય નિર્ણાયક પર એ કામ સોંપી દે છે, ત્યારે એમ લાગે છે કે તેઓ વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, શેક્સપીઅરના વારસાનો રસ્તો છોડીને રાજદરબારમાં વજીફો શોધનારનો વારસો સંભાળવા નીકળ્યા કે શું ? આમ કરવામાં આપણે સાહિત્યકારો પોતે પોતાના નિરીક્ષક, પરીક્ષક બનવાની તક ગુમાવીને એ કામ કોઈ એવા નિર્ણાયકોને સોંપીએ છીએ કે જેમને વિષે સામાન્યપણે આપણને ખાસ માન હોતું નથી, અને જ્યારે એમનો કળશ આપણે બદલે કોઈ બીજાને માથે ઢળેલો જાણીએ છીએ ત્યારે તો તે જ્ઞાન કે અજ્ઞાન નિરીક્ષકની આવડત કે પાત્રતા વિષે જ શંકા સેવતા થઈ જઈએ છીએ. પોતાને તપાસવાનો અભિક્રમ આપણે ગુમાવી બેસીએ છીએ અને કોઈ કોઈ વાર તો જેના હાથમાં આપણો અભિક્રમ સોંપ્યો હોય તેના જ નચાવ્યા નાચીએ છીએ, પછી આપણે ભાગે રિસાવાનું, ફરિયાદ કરવાનું, દાઝવાનું કે તક મળે તો દઝાડવાનું જ રહી જાય છે. આમ સ્પર્ધાત્મક સમાજની અસર આપણને સમાજનાં પ્યાદાં બનાવી દે છે, સમાજ ઉપર અસર પાડનાર પ્રભાવી સર્જક રહેવા દેતી નથી. નિર્ણાયકો અંગે આપણી ફરિયાદમાં ન્યાય્ય હોય, કદાચ આપણી ફરિયાદ સાવ સાચીયે હોય પણ સાહિત્યકાર જેવો બીજી આગળ ફરિયાદ કરવા ગયો તે જ ક્ષણે તે સ્વતંત્રપણે પોતાના સ્વત્વ પર ઊભેલો સાહિત્યકાર પોતાની આગવી ભૂમિકા છોડી કોક ફરિયાદ કરનારની ભૂમિકા જ સ્વીકારી લેતો નથી ?

આ પરિસ્થિતિમાં એક નૈતિક મુશ્કેલી પણ ઊભી થવા સંભવ છે. બીજા સાથે સરખામણી કરનાર માણસ ગુણવત્તાની પણ સરખામણી કરતો હોય છે, જેમાંથી ઘણી વાર આત્મપ્રશંસા અને પરનિંદા જ રહી જાય છે. આમાંથી ઉત્પન્ન થાય છે રાગ-દ્વેષ, ઈર્ષા-અસૂયા. ન્યાય પોતાને પક્ષે હોય તો તે પુરસ્કાર કે બીજા કોઈ પ્રકારનું માન ન મળવાથી ન્યાય મટી જતું નથી. પણ પરનિંદા કે આત્મસ્તુતિમાં અટવાતી શક્તિ નૈતિક દૃષ્ટિએ હેઠે પડે છે, જ્યારે સ્વાન્તઃ સુખાય લખનાર સર્જક સર્જનનો નિર્મળ આનંદ મેળવે છે.

ગાંધીજીએ પોતાના આશ્રમમાં ભોજનની દર ટંકે ૐ સહનાવવતુ-વાળો ઉપનિષદનો શાંતિમંત્ર દાખલ કર્યો હતો. એ મંત્રને ભોજન સાથે કોઈ સીધી લેવાદેવા નથી. ઘણા બધા પારસ્પરિકતાના સંબંધોમાં એ પ્રાર્થના બંધબેસતી આવે છે. (મેં તો મારાં લગ્ન પછી સજોડે આ જ પ્રાર્થના કરેલી !) સહિયારા આનંદ ને સહિયારા વિકાસની આ પ્રાર્થનાના અંગ તરીકે જ એની એક શરત જોડાઈ જાય છે : 'મા વિદ્વિષા વહૈ' જ્યાં વિદ્વેષનું તત્ત્વ જેટલે અંશે હાજર હોય એટલે અંશે એ સહિયારા વિકાસને બાધક બને છે. આ બાબત આપણા સાહિત્યના સ્રોતને પણ લાગુ પડે ને ? આપણે આપણી ભાષાનો વિકાસ સાધવો હોય, એને તેજસ્વી બનાવવી હોય તો એની એક આવશ્યક શરત એ નહીં કરવી પડે કે અમે એકબીજાની અદેખાઈ નહીં કરીએ ? દ્વેષ જેને વિષે કરવામાં આવ્યો હોય તેની પ્રગતિને અવરોધવા પ્રયાસ કરે જ છે, પણ દ્વેષ કરનારના સ્વતંત્ર વિકાસને પણ એ અવરોધે છે. તે શક્તિની ઘણીબધી શક્તિ, જે એ પોતાના વિકાસ સારુ વાપરી શકી હોત તે બીજાનો દ્વેષ કરવામાં વપરાઈ જાય છે. બીજાં ઘણાં ક્ષેત્રોની માફક સાહિત્યક્ષેત્રમાં પણ આમ માનસમ્માન, ચંદ્રક, પદો-હોદ્દાઓ, પ્રસિદ્ધિ-ખ્યાતિને ચિંતન કે ચિંતા રૂપે અભિવ્યક્ત થતી જોઈને કોઈક વાર મનમાં એ પ્રશ્ન ઊઠે છે કે આજકાલ આપણો સમાજ આટલો બધો

આવેલા અતિથિઓને સન્માનવા કયું પુષ્પગુચ્છ કોને હાથે આપવામાં આવે, આપનારામાં પહેલો કોણ અને બીજો કોણ, સ્થાનિકોમાંથી કોને અપાવી શકાયા અને કોણ રહી ગયા એ જ વટનો વિષય બની જાય અને સન્માન કરનારાઓની પાયરીઓનો વિચાર કરવામાં ભાષણમાં શું કહેવું છે એ વિચારવાનો સમય ઓછો રહે. વળી મંચ ઉપર બિરાજેલા કે પહેલી હરોળમાં સામે બેઠેલામાંથી કોને પરમપૂજ્ય કહેવા, કોને પૂજ્ય કહેવા, કોને આદરણીય કહેવા, કોને શ્રદ્ધેય કહેવા એની શ્રેણીઓ પાડવામાં જ વક્તા સારુ ફાળવેલો સમય પૂરો થઈ જાય અને આખી સભાનો વિચારણીય જે મુદ્દો હોય તે ગૌણ બની જાય અને આદરસત્કાર, માનસન્માનનું પાણીવળોણું જ વલોવાય. આજકાલ તો સમાજના વિવિધ ક્ષેત્રોમાં એટલાં બધાં સન્માનો, ચંદ્રકો, પુરસ્કારો, પદવીઓ વગેરે વગેરે આપવા-લેવાના રિવાજ પડી ગયા છે કે તટસ્થપણે વિચાર કરનાર તો જરૂર એનાથી ચકિત થઈ જાય. સમગ્ર વ્યાપાર જાણે કે માનસન્માન શોધતા સમાજનું દર્પણ જ ન હોય ! મનમાં સહેજે એવી આશંકા ઊભી થાય કે જે સમાજ આત્મસમ્માનની ખોટ કે એની રિક્તતા અનુભવતો હશે એને જ આટલા ઢગલાબંધ માનમરતબા ઉપજાવવા પડતા હશેને ?

માન-સન્માનની આ ફ્રોડ અને આત્મ-સમ્માનની રિક્તતા દુર્ભાગ્યે આપણા સાહિત્યક્ષેત્રને પણ અળગો રાખતી નથી. પરિણામે નરી ઔપચારિકતામાં આપણી ઘણી શક્તિ વપરાઈ જાય છે. તાજેતરમાં કોઈકનો એક પત્ર આવ્યો. પત્ર-લેખકે એમાં પોતાની સહી કરી નથી, પણ પોતાનો પત્ર એને પરિષદના ઘણા માજી, વર્તમાન કે ભાવિ હોદ્દેદારોને મોકલવા જેવો મહત્ત્વનો લાગ્યો છે. લાંબા પત્રનો સાર એટલો જ છે કે તમારા અમુક કાર્યક્રમમાં અમને (કે મને ?) બોલવા કેમ ન દીધા ? વળી તેમ કરવાનું કારણ પણ પત્રલેખક બરાબર સમજી ગયા લાગે છે – જરૂર એની પાછળ અમુક અમુક સ્થાનિક માણસનું કાવતરું હતું. પછીનો પત્રાંશ એ કલ્પિત ગુનેગારના દોષોની વહી વાંચવામાં જ વપરાયો છે. આમ કરવામાં લેખકે પોતાની કલમની બધી શક્તિ વાપરી હોય એમ લાગે. બીજાને જબરો દેખાડવા માણસ પોતાની કલમને શા સારુ હલકી પાડતો હશે. એ જ આપણને ન સમજાય. સહી વિનાના પત્રો કદાચ પત્ર મેળવનારને એ વિચારવાની તક આપે ખરા કે વાતમાં કોઈ માલ છે કે નહીં, બાકી સહી વિનાના પત્રોનું સ્વાભાવિક સ્થાન તો કચરાપેટી નથી ? એ લેખકને કોઈકની ફરિયાદ કે નિંદા કરવી છે પણ એ નિંદા કરનાર કોણ છે તે જાહેર કરતાં એ લખનાર ડરે છે, એટલું તો ઉઘાડું છે. સહી છુપાવવાને લીધે એના પત્રની કિંમત એકડા વિનાના મીંડા જેવી થઈ જાય છે તે એ કેમ ભૂલી જતો હશે ?

પરંતુ 'પરબ'ના વાચકો સારુ આ માસનો પત્ર લખવાની મારી પ્રેરણા તો પત્રની શરૂઆતમાં રવીન્દ્રનાથની જે કવિતા ટાંકી છે તે જ છે. એ સ્પષ્ટ છે કે પોતાનું સન્માન શોધવા જવામાં માણસ પોતાની ફરતે ફૂદડી ફરીને અહંના વમળમાં ડૂબે છે. એ વમળમાંથી બચવા સારુ કવિની પ્રાર્થના એ છે કે 'હે પરમ તત્ત્વ ! તું મારા અહંને કોરે રાખીને મારા હૃદયકમળમાં આવીને વિરાજ.' આજે આપણામાંથી કેટલાકને એમ લાગે છે ખરું કે, ભલેને આખા મૂડીવાદી સ્પર્ધાત્મક સમાજને કારણે કેમ ન હોય, પણ આપણી, એટલે કે આપણા આખા ગુજરાતી સાહિત્યિક (સાહિત્યકાર અને સાહિત્યરસિક બંને) સમાજની શક્તિ પરસ્પર સ્પર્ધામાં કે વિદ્વેષમાં વપરાય છે ? જો આ વાતમાં આંશિક પણ સત્ય હોય તો હૃદયના ઊંડાણમાંથી તીવ્ર દરદ સાથે એ પ્રાર્થના કરવાનો સમય આવી પૂગ્યો છે કે ''મા વિદ્વિષા વહૈ'' અથવા ''મને હઠાવી વિરાજો પ્રભુ મમ હૃદયપદ્મ દળે, સકળ અહંકારને મારા ડુબાવ અશ્રુજળે.''

**નારાયણ દેસાઈ**

૧૭-૯-૨૦૦૯



# કવિતા

## સ્ટેશન તો આવ્યું, પણ... | ચંદ્રકાન્ત શેઠ

સ્ટેશન તો આવ્યું, પણ ગાડી ક્યાં ?
સૂચના હતી સ્ટેશને તાકીદે પહોંચવાની,
ને જે મળે તે ગાડી પકડી લેવાની,
પણ કઈ ગાડી પકડવાની ને ક્યારે પકડવાની,
કંઈ નથી જાણ મને એની !
હું તો મારી આંખોને ખેંચી ખેંચીને
તાક્યા કરું છું
ઘડીકમાં ઉગમણે,
તો ઘડીકમાં આથમણે !
કોઈ ગાડી ભળાતી નથી મને !

હું તો સ્ટેશનના પાટિયા જેવો
પ્લૅટફૉર્મ પર જાણે ખોડાયેલો ખડો !
આખા સ્ટેશન પર હું જ મને જોઉં એકલો !
અરે ! મારું પ્રતિબિંબ પણ અહીં નહીં ?!

મારા જેવા એકલદોકલ આદમી માટે
તે કંઈ હોય ખરી આખી ગાડી ?
હું કંઈ પણ પૂછું
પણ અહીં ક્યાં છે કોઈ જવાબ દેવાવાળું ?
મારો સવાલ તો ભપકીને
હોલવાઈ ગયો હવાયેલી હવામાં !
અરે ! આ તે મારા કેવા હાલ ?
નહીં ઘરનો, નહીં ઘાટનો,
નહીં આ કે તે, કોઈ વાટનો !
આમ ને આમ
સ્ટેશન પર ખડો ખડો
કાં તો હું થઈ જઈશ એક થાંભલો, ફાનસ વગરનો,
કાં તો હું થઈ રહીશ કોઈ ખોડીબારું !
મને ખબર નથી કે
મારી ગાડી આ સ્ટેશને આવશે કે નહીં ?
અથવા શું મારી ગાડી
અહીંના કોઈ પાટે ચડી જ ન શકે એવી હશે ?

## કંઈક તો કરો ! | ચંદ્રકાન્ત શેઠ

કંઈક તો કરો !
ક્યાં સુધી આમ તમે જોયા કરશો મારો તમાશો ?
કંઈક તો કરો !...

આ મારું મૂળ વિનાનું ઝાડવું ! –
ચારેય બાજુથી ફૂંકાતા વાયરાના જોરદાર ઝપાટામાં
ઊખડું ઊખડું થતું !...
આસમાનને આંજવાના ખ્યાલે ખૂલેલી ફૂલોની આંખો
ઘેરાતા વાદળ સાથે ઘેરાતી ઘેરાતી ઢળી જાય છે...
મારા રૂંવે રૂંવે – પાને પાને શંકા ને ભયથી પ્રેરિત લખલખું !
મારી હાથની ડાળીઓ કોઈ આધાર માટે – કોઈ ટેકા માટે
ભર્યા કરે છે હવામાં બાચકા !
સરકતી ધરતી ને લડથડતા-લપસતા પગ !
ભીતરના ગોખે ટમટમતા એક દીવાને
મારે કેમ બચાવવો ? – કેમ સાચવવો ?
ખડક પર સબોડાય મોજાં,
એમ જ મારી પીઠ પર, મારી માટી પર સબોડાય છે સમયના સાટકા !
કેટકેટલું તરડાય છે, તૂટે છે ને ખરે છે !
કોણ કરે એનો હિસાબ ?
ભાગીભાગીનેય હવે અહીંથી જવાનું ક્યાં ને ઠરવાનુંયે ક્યાં ?
આ વિષમ હવામાં કોની લેવી ઓથ ?
કોના ખભે ટેકવવો મારે હાથ ?
કોના ઓટલે મારે પાથરવું પંડ
ને કઈ ગુહામાં મારે મારા જીવતો રાખવો ધૂણો ?
તમે ક્યાં સુધી ખામોશ રહીને નિહાળ્યા કરશો
મારા ખોળિયે ખેલાતો કોઈ ભેદી ત્રાસવાદનો આ ખેલ ?
તમે વીજળીના ચમકારે
અહીંની હવામાં નિરાધારીથી થરથરતા મારા તારમાં
તમારું એકાદું મોતી શું નહીં પરોવી આપો ?

વિજયાદશમી
૨૮-૯-૨૦૦૯

## બે દિવસ કાવ્યો | સંસ્કૃતિરાણી દેસાઈ

### ૧. ક્ષિતિજની કિનાર સુધી

દિવસ ચાલતો ચાલતો પહોંચી ગયો ક્ષિતિજ સુધી
ને પૃથ્વી સપાટ હોવાને લીધે
પડી ગયો કિનાર ઉપરથી,
ને પછી બીજો દિવસ ગયો
સીધે સીધો ચાલતો ચાલતો
ને તે પણ પડી ગયો સીધી ધાર ઉપરથી,
નીચે બીજી દુનિયા છે તેના પર.
ને ત્યાં પણ ચાલતો ચાલતો ગયો દષ્ટિમર્યાદા સુધી ને
પડ્યો કિનારી ઉપરથી નીચે ત્રીજી દુનિયા પર.

આમ તો ઘણી બધી દોરડાની નિસરણીઓ લટકે છે
આકાશમાંથી,
પણ બધી જ અદશ્ય.
ધારો ત્યારે બધી જ દેખાય,
મનફાવે તેના પર ચઢી જવાય
પહોંચી જવાય ઉપર.
ઉપર જતી દુનિયા જ સારી એવું પણ નથી.
નીચે જતી દોરડાની નિસરણીઓ પણ લટકે છે અનેક,
બધી જ અદશ્ય.
લઈ જાય છે અનેરી જગ્યાએ.
વાવમાં શીતળતા પણ હોય છે
અને બહારની ઉજ્જડ જમીનમાં ન મળતું
મીઠું પાણી પણ.
સંસ્કૃતિની વાવમાં ઊતરી છું ઘણાં વર્ષોથી
હવે રસહીન લાગે છે આ જગ્યા
પાણી સુકાઈ ગયું લાગે છે
કે છે માત્ર નીરસપણાના ઝાંઝવા
ખબર નથી...
પહોંચવું છે હવે નવી વાવમાં
કે નવા આકાશમાં
ક્ષિતિજ સુધી ચાલતાં ચાલતાં પહોંચી ગઈ છું
છેક ધાર સુધી.

## ૨. ઍરપૉર્ટના ટરમૅક ઉપર

સાંજની કોતરોમાંથી વહી રહી હતી દિવસની નદી
ઘણી ઊંડી, રમણીય અને રહસ્યમય લાગે છે કોતરો
એક રોમાંચક સાહસ જેવી.
દિવસ તો વહે છે સવારે ખુલ્લાં મેદાનોમાંથી
બપોરના મરુભૂમિમાંથી
ને સાંજે રમણીય કોતરોમાં થઈને.
પહોંચે છે રાતે વિશાળ પ્રશાંત મહાસાગરમાં
પણ કોઈક વાર પહોંચે છે ઊંડી વાવમાં
ને અદૃશ્ય થઈ જાય છે જમીનમાં
કે ઊડી જાય મૃગજળ બની.

પણ ત્યાં જ 'હાયજૅક' થઈ ગયો દિવસનો એક અંશ !
આમ તો ચમ્બલની કોતરોમાંથી સંતાતા સંતાતા
ડાકુઓ આવી લૂંટી જતા હતા
પણ તેમાં તો તેટલું જ મળતું જેટલું વટેમાર્ગુ પાસે હોય
'હાયજૅક'માં તો તક ખુલ્લી છે
'હાયજૅક' થઈ ગયેલા દિવસનો અંશ અને અમે બધા
અત્યારે તો બેઠા છીએ 'ટરમૅક' ઉપર કન્દહારના ઍરપૉર્ટના.

ચાલે છે સલાહ મશ્વરા.
ખૂબ મોટો કર્યો છે તકાજો.
અર્થ નથી પૂરો કરવામાં,
કારણ ફરી પાછું 'હાયજૅક' અને ફરી તકાજો...

હવે તો અમે બધા પહોંચીશું કાં તો પાછા સાંજની રમણીય કોતરોમાં
કે પછી રહીશું કન્દ હારમાં
કે પછી...
કોને ખબર ?
આ ફરી એક દિવસના અંશને 'હાયજૅક' કરી લઈ
આવ્યા છે તેના ઉતારુઓ સાથે.
એ લોકોને આશા છે, સફળ થશે સલાહ મશ્વરા.

ઘણા જીવાત્માઓ ભટક્યા કરે છે અહીં તો અમારા જેવા
દિવસના જીવાત્મા સાથે
કન્દાહાર ઍરપૉર્ટના 'ટરમૅક' ઉપર.

# બે ગઝલ | સંજુ વાળા

## ૧. અનુપમ દીઠો

આજ અનુપમ દીઠો એવો
પથ્થરને વળતો પરસેવો.

ચડી જ્ઞાનની ઘેઘૂર ટોચે
ટચાક્ દઈને તોડી ટેવો.

ચકવા જેવી લગની લઈને
ચકવી જેવો લ્હાવો લેવો.

ભાષા ! તું ભીતરનું ભોજન
ભાવ ભળે તો મિસરી-મેવો.

સ્વર્ગ, મોક્ષ સઘળું આ કાગળ –
શબ્દો સાક્ષાત્ કોટિક દેવો.

(પ્રથમ પંક્તિસંદર્ભ – સંતકવિ રવિ સાહેબ)

## ૨. ઝણ ઝાલરી ઝણ

ઝણણણ ઝણણણ ઝણ ઝાલરી ઝણ
રવ પહેરીને ફરતી હર ક્ષણ.

કસબી થઈને જાડું કાં વણ ?
ધરીએ પરથમ ધાગાની ધ્રાણ.

નવતર કેવું જીવતર દીધું છે
દિવસ-રાત સરખું સમરાંગણ.

આવો કાં તું બ્હેરો, મીંઢો !
ના હોંકારો, ના અકળામણ.

કોઈ બતાવે એવું ઘર જ્યાં-
હોય નહીં માટીનાં વાસણ.

તાર-સ્વરો છોડીને સાધો
મંદ્ર, મધ્યમાં થઈને રમઝણ.

એક જ નામ સ્મરણને કારણ
પડ્યાં જીભમાં લીલાં આટણ.

(પ્રથમ પંક્તિસંદર્ભ – સંતકવિ દાસી જીવણ)

# નિબંધ

## પંજો

કલ્પના દેસાઈ

પતિઓની ખાસિયત રૂપે મારા પતિને પણ જ્યારે મારી બુદ્ધિ ચકાસવાનું મન થઈ આવે ત્યારે મારી સાથે સવાલજવાબની રમત શરૂ કરી દે. એમાં આખરે તો જીત કોની થાય એ કંઈ મારે દર વખતે નમ્રપણે જણાવવાની જરૂર ન હોય, છતાંય પોતાનો કૉલર ઊંચો રાખવા એ આવી પરીક્ષાઓ લીધે રાખે. હું તો નચિંત થઈને બેસું કારણ કે મને ખબર કે, જેનામાં ખોટ હોય તે જ ગભરાઈને આવાં બધાં ગતકડાં કરે !

એક દિવસ આમ જ, મારી સામે હાથ ઉગામીને તમાચો મારવાની અદામાં ઊભા રહી ગયા પણ ચહેરાના હાવભાવમાં મસ્તી હોવાથી મેં નિરાંતનો શ્વાસ લીધો. 'આને શું કહેવાય ?' એમણે પૂછ્યું.

'ગાલ પર પડે તો લાફો ને વાંસા પર પડે તો ધબ્બો.' મેં મને જે દેખાયું તે જણાવ્યું.

'તને આવા હલકા વિચારો કેમ આવે છે ? આમાં તને તારા અખંડ મંગલ સૌભાગ્યના આશીર્વાદ નથી દેખાતા ?'

'મને તો સાધુ-સંતોને બાપુઓના આશીર્વાદની ખબર છે.'

'વાતને આડે પાટે નહીં લઈ જા. અહીં બરાબર જો. આને શું કહેવાય ?' વળી એમણે હાથ ઊંચો કરીને મને બતાવ્યો.

'હાથ.'

'આખો હાથ નહીં, ઉપરનો ભાગ ખાલી.'

'ઉપરનો ભાગ ખાલી એટલે મગજ ઠેકાણે નથી.'

'મને તો તારું મગજ ઠેકાણે નથી લાગતું.'

'તમે ક્યારના હાથને ઊંચો કરી કરીને આ શું ? આ શું ? મંડ્યા છો તે, કોનું મગજ ઠેકાણે નથી ?'

'ઓ.કે. આ મારા હાથના કાંડાની ઉપરના ભાગને શું કહેવાય ?'

'પંજો...'

'હં... હવે તું સમજી.'

'તે તમને નથી ખબર કે, એને પંજો કહેવાય ?'

'મને તો ખબર જ હોય ને. પણ એ પંજા સિવાય બીજું પણ કંઈક છે. કંઈક નવું, કંઈક અનોખું. વિચારીને શોધી કાઢ. તું કેટલી હોશિયાર છે તે હમણાં ખબર પડી જશે.'

ને, ચૅલેન્જ સ્વીકારવાની આદતને કારણે, મેં એક મોટી શોધ કરવાના ઇરાદે મગજને બાજુએ મૂકવાને બદલે કસવા માંડ્યું. પંજો... પંજો... પંજો... પં...જો... પંજો... પંજુજો !

મળી ગયો. પંજાનો ખજાનો મળી ગયો. મેં તો મારા હાથના પંજાને ઊંધો કર્યો, ચત્તો કર્યો ને ધારીને ક્યાંય સુધી એને જોયે રાખ્યો. ઓહ ! આહ ! પંજામાં તો કેટલું બધું સાહિત્ય છુપાયેલું છે ! કેટકેટલી ઉપમાઓ ને કેટકેટલાં કાર્યોને લીધે શોભે છે આ પંજો. હું હવે અર્જુન બની બેઠી ને મારો પંજો માછલીની આંખ ! એને ધારી ધારીને જોવામાં મારી આંખમાંથી પાણી નીકળી ગયાં તોય મેં પંજાને ઘૂરવાનું ચાલુ રાખ્યું.

મારા હાથનો કોણીથી કાંડા સુધીનો ભાગ જાણે કે, થડ છે ને પાંચ દિશાઓમાં ફેલાયેલી વૃક્ષની ડાળીઓ જેવી મારી આંગળીઓ મને મુગ્ધતાનો અહેસાસ કરાવે છે. આવી તો કેટલીય શાળાઓએ આજ સુધીમાં કેટલાય લેખકો, કવિઓ, સંગીતકારો, ચિત્રકારોને ગણ્યા ગણાય નહીં એટલા કલાકારોની દુનિયાને ભેટ આપી છે. વાહ ! વાહ ! આવા ઉત્તમ વિચારો આવવા બદલ મેં મારી જાતને જ શાબાશી આપી. ને એની પ્રેરણા આપવા બદલ ને પહેલી વાર કોઈ અક્કલની વાત કરવા બદલ મારા પતિને પણ શાબાશી આપવાનું હું ભૂલી નહીં. સંગ તેવો રંગ લાગ્યો ખરો !

પછી તો, મારા હાથના પંજાને મેં ઊંધી દિશામાં ગોળ ગોળ ફેરવીને પતિને જવાનો ઇશારો કર્યો. પંજાના ચિંતનમાં ડૂબવા માટે ડાબા હાથના પંજાની આંગળીઓને અંગૂઠા સહિત કપાળ પર ટેકવી દીધી. અને તરત જ ઝબકારો થયો. ઊંડા ચિંતન-મનન માટે પંજો અદ્‌ભુત રીતે મદદ કરી શકે છે. પહેલી આંગળીને લમણામાં ગોળ ગોળ ફેરવવાથી સામેવાળાની બુદ્ધિ વિશે શંકા કરી શકાય છે. હવે મને પંજામાં ખરેખર રસ પડ્યો. સલામ કરતી વખતે પંજો કેવો વટમાં કપાળે ત્રાંસો ગોઠવાઈ જાય છે ! ને લળીલળીને સલામ કરવામાં તો એની સ્ટાઇલનો જવાબ નહીં. પગે લાગવામાં કે માફી માંગવામાં ખરેખર તો બે હાથ નહીં, બે પંજા જોડાઈને 'નમસ્કાર'ની મુદ્રાનું જગપ્રસિદ્ધ ચિત્ર ખડું કરે છે. ખુલ્લા પંજામાં દેવોનો વાસ હોવાથી સવારમાં ઊઠતાંવેંત બંને પંજાને ભેગા કરી, દર્શન-નમન કરાય છે. મુસ્લિમો એવા જ અધખુલ્લા પંજાઓમાં બંદગી કરે છે. કહેવાનો મતલબ કે, ધાર્મિક ક્રિયાઓ પંજાની મદદ વિના થઈ શકતી નથી.

જોકે, સારા કે ખરાબ દરેક કાર્યમાં પંજાને સાથે રાખવામાં આવે છે એટલે ઇનામ કે સજા પણ એને જ મળે છે. પંજાનાં કર્યાં ઘણી વાર ગાલે કે બરડે પણ વાગે છે. જે પંજો માંગતી વખતે સીધો હોય તે આપતી વખતે ઊંધો થઈ જાય ! એક જ પંજામાં ચીમટો, લાફો ને મુક્કાની તાકાત રહેતી હોય છે. ઢીંક પણ કેમ બાકી રહે ? પંજાની મદદથી તો ઊંધા હાથની પણ દેવામાં આવે, બોલો ! આખા શરીરમાં ફક્ત પંજા જ પરોપકારનું ઉમદા કામ કરે છે. માથું દુઃખે, શરીર દુઃખે કે ઘોંઘાટથી કાન ત્રાસે, પંજા તરત જ કામે લાગી જાય. (સિવાય કે ગળું દુઃખે.) ડૉક્ટરોના હાથમાં નહીં, પંજામાં જશ હોય છે. ને જ્યોતિષીઓ હાથની નહીં, હથેળીની રેખાઓ જોતા હોય છે. લગ્નની વિધિમાં ગોર મહારાજ હસ્તમેળાપ નહીં, પંજા ભિડાવી આપવાનું કામ કરે છે, જે ભવિષ્યમાં કામ આવે છે. બે હાથે તાળી પંજાની મહેરબાનીથી જ તો પડે છે. કાંડાં કે બાવડાં મજબૂત હોય પણ કાર્યને આખરી અંજામ પંજાની મદદ વગર આપી શકાતો નથી.

દુલ્હનની મહેંદી હથેળીમાં શોભે ને લજ્જાથી ચહેરો ઢાંકવામાં પણ હથેળીઓ ને એ ચહેરાનું દર્શન કરવામાં પણ પંજા જ કામ આવે છે. દીવાલ પર કંકુના થાપા કોણ મારે ? પંજા. કંકુપગલાં પાડે તે પગના પંજા. દુઃખમાં પંજા ગાલ પરનાં આંસુ લૂછે ને વહાલ કે આશ્વાસન પંજા વગર શોભે નહીં. શાબાશીમાં ખભો કે વાંસો થપથપાવવામાં પંજો જ કામ લાગે. આ મગજમાં હમણાં ભરાયો છે તે પંજો જ છે ને બહાર નીકળે ત્યારે સાચો

એવો અહેસાસ કરાવનાર પણ પંજો જ છે !

પંજો બંધ રહીને પણ ઘણાં કામ કરી શકે છે. 'બંધ મુઠ્ઠી લાખની' કહેવત કોને આભારી છે ? અસલના લોકો બારણે માગવા આવનારને મૂઠી લોટ કે મૂઠી અનાજ આપતાં. આજે તો આ ધર્માદાની મૂઠી જ બંધ થઈ ગઈ છે. લાંચ આપવાનો ઇશારો કરવામાં મૂઠી દબાતી કે ચંપાતી ! આજે આ કામ જુદી રીતે થતાં મૂઠા ભરાય એટલું અપાવા માંડ્યું છે. એ બહાને લોકો પોતાની મુઠ્ઠીમાં તો રહે ! ઘણા સંતોષી જીવ મુઠ્ઠીમાં માય એટલું લઈને બેસી રહે જ્યારે આપવાના સમયે ઘણા મુઠ્ઠી વાળી દે છે !

પંજામાં અંગૂઠો વડીલની જગ્યાએ શોભે છે. એના સહયોગ ને એની સંમતિ વગર કશે સહી પણ થઈ શકતી નથી. અંગૂઠાનું મહત્ત્વ તો એકલવ્ય ને દ્રોણે દુનિયાને બરાબર સમજાવી દીધું હતું. એટલે સ્તો, અભણ લોકો પણ અંગૂઠો મારીને કે બતાવીને બાજી જીતી શકે છે. આંગળીઓનું તો દરેકનું પોતાનું વિશિષ્ટ સ્થાન ને સુંદર નામ. દરેકનું કામ અલગ ને બે ભેગી મળે તો નવો અર્થ બનાવે. પાંચેય આંગળીઓ ભેગી મળે ત્યારે પંજાને કામગરો બનાવી દે. ને છુટ્ટી કે ખુલ્લી રહે ત્યારે ડરાવવા કામ લાગે. એમ તો બાળમંદિરમાં આંગળીઓ ગણવાની રમત શીખવતી વખતે પંજા જ બતવાય છે ને ?

એ વાત ઠીક છે કે, કાંડાના બળે જ પંજો ટકી રહે છે. એને ગોળ ગોળ ઘૂમવું હોય કે ગીત, સંગીત ને નૃત્યમાં આંગળીઓની વિવિધ મુદ્રાઓ કે કારીગીરી કરવી હોય તો કાંડાના આધારે જ શક્ય બને છે. પણ એમ તો પંજા વગર એકલાં કાંડાં શું કરી શકવાનાં ? કાંડાં કાપી આપવાં એટલે ખરેખર તો પંજા કાપી આપવા. પંજો તો ભેગું પણ કરે ને લૂંટાવી પણ દે. સંબંધ જોડવા કે તોડવામાં ભલે હાથ લાંબા થતા હોય પણ ઇશારા તો બધા પંજાના – આંગળીઓના જ હોય ને ! હા ને ના, આવો ને આવજો બધું પંજાની મહેરબાનીથી તો થાય છે.

ચાંગળું પાણી પીઓ કે ખોબો ભરીને, પંજાની મદદ વગર આપણાથી પાણી પણ પી શકાતું નથી. જમવાની વાત તો દૂર રહી, ફાકા મારવામાંય પંજાની મદદ લેવી પડે. દાળના સબડકા લેવામાં કે વાનગીના ચટાકા કરતી વખતે પંજો ખાસ્સો કામ આવે છે. રસોઈ બનાવનારના હાથ કરતાં એના પંજાની કમાલ વધારે હોય છે. પણ જશ ખાટી જાય દર વખતે હાથ ! હવે એવું બોલવાની ટેવ પાડવી પડશે, 'તમારા પંજામાં તો જાદુ છે, જાદુ !' (ધીમે ધીમે ટેવ પડી જશે.)

પંજાની વાત ચાલી જ છે તો નાનાં બાળકોને કેમ ભુલાય ? પંજાની મદદથી જન્મતું બાળક બે પંજામાં ઊંચકાયેલું હોય ત્યારે સૃષ્ટિનું સમગ્ર સૌંદર્ય કે સુખ પંજામાં સમાઈ જતું હોય છે ને ? તે પળથી શરૂ થયેલી પંજાની રમત અંતઘડી સુધી જુદા જુદા સ્વરૂપે રમાતી હોય છે ને હાર-જીત થતી રહે છે. રમત ને હાર-જીતની વાત કરીએ તો કેટલી બધી રમતો છે, જેમાં પંજાની કારીગરી વગર કંઈ જ શક્ય બનતું નથી. પત્તાંની રમતમાં તો વળી પંજાએ પોતાનું વિશિષ્ટ નામ ને સ્થાન આજ સુધી જાળવી રાખ્યું છે ! બૅટ કે રૅકેટ પર પંજાની પકડ કે બૉલને ફેંકવાની કે મારવાની કળા વગર ક્યાં કોઈ કપ કે મેડલ મળે છે ? થપ્પો કે ખો, રસ્સીખેંચ કે ભાલાફેંકમાં પંજો પોતાની લાગવગના જોરે જીતી જાય છે. હાર-જીતની લાગણી દર્શાવવામાં પણ પંજા ક્યારેય પાછા નથી પડ્યા. મુઠ્ઠી ભીડીને હવામાં વીંઝાતા હાથ કે હૃદયના ધબકારા અટકાવવા છાતીએ ભીડાતા પંજા વગર લાગણી પ્રગટ કરવાની મજા જ નથી આવતી.

આળસ બતાવવામાં ફક્ત બગાસું નહીં, પંજા પણ એકમેકમાં ભીડાઈ જઈને આપણને સાથ આપે છે. બંને હાથના અંકોડા ભીડીને બનાવેલા ઝૂલામાં કેટલો આરામ મળે છે, તે તો આરામ ફરમાવનાર જ કહી શકે. બગાસું છુપાવવું હોય કે છીંક ખાવી હોય હથેળીઓની મદદ વગર આપણે અણઘડ કહેવાઈએ. ને ખાવાની જ વાત નીકળી છે, તો માર ખાતો અટકાવવા માટે પહેલાં પંજા જ ધરી દેતા લોકો પછી કેવા મુઠ્ઠીઓ વાળીને નાસવા માંડે છે !

સવારથી તે રાત સુધી પંજાને સતત બિઝી રાખતાં આપણે ક્યારેય પંજાની કદર કરતા નથી. બધી કહેવતો ને વાતોમાં હવે હાથને બદલે પંજાને સ્થાન ને માન આપવું પડશે. તમે નહીં માનો પણ પંજા તો આપણું ટાઢ, તડકો ને વરસાદથી રક્ષણ કરવામાં ક્યારેય પાછા પડતા નથી. બે હથેળી ઘસતાં ગરમી પેદા કરે ને પંખાની જેમ વીંઝતાં ઠંડક આપે એવા પંજાનો તો આપણે આભાર માનીએ એટલો ઓછો. સુખદુઃખમાં સતત સાથ આપતા નિરભિમાની ને નિઃસ્વાર્થ મિત્રને એક પંજે પચાસ ને બીજે પંજે પચાસ એમ ટોટલ સો-સો સલામ !

અને છેલ્લે, એક પંજાની મદદથી લખાયેલા ને બે પંજાની મદદથી વંચાયેલા લેખનું ભાવિ બંધ મુઠ્ઠીમાં રહેશે કે પંજાની પેઢી દર પેઢી ફરતું રહેશે ? એ તો પંજો જ જાણે.

# પોરબંદર અને બ્રોકર

નરોત્તમ પલાણ

ગુલાબદાસ બ્રોકર (૧૯૦૯-૨૦૦૬)ના જીવનપ્રસંગોથી સહુ કોઈ સુપરિચિત છે, ત્યારે પોરબંદર અને બ્રોકર સંબંધી બેક નવા મુદ્દા, જે બ્રોકરને સમજવા માટે ઉપયોગી થઈ પડે તેવા છે, એની વાત કરીશ. ૧૯૦૯માં પોરબંદરમાં જન્મ. પ્રાથમિક, માધ્યમિક શિક્ષણ 'ગુલાબદાસ શાહ' તરીકે. પોરબંદરમાં ભણેલા ગુલાબદાસ ૧૯૨૬માં મુંબઈની ભરડા ન્યૂ હાઈસ્કૂલમાં મૅટ્રિક માટે દાખલ થયા, ત્યારે તે વખતના પારસી પ્રિન્સિપાલ મર્ઝબાન, જે ગુલાબદાસના પિતા અને મોટાભાઈને 'બ્રોકર' તરીકે જાણતા હતા તેમણે 'ગુલાબદાસ બ્રોકર' તરીકે નામ રજિસ્ટ્રેશન કર્યું, જે જિંદગીભર ચાલુ રહ્યું. સત્તર-અઢાર વર્ષની વય સુધી બ્રોકર એકધારા પોરબંદરમાં રહ્યા છે. તેમણે 'મારું ગામ' નામથી પોરબંદરનાં સંસ્મરણો પણ લખ્યાં છે. તેમના તનમનના ઘડતરમાં અને તેથી થયેલા સર્જનમાં પોરબંદરનો ફાળો છે. બે-ત્રણ પ્રસંગોને જરા વિસ્તારથી જોઈએ :

વીસમી સદીની પહેલી પચીશીમાં, જેમ અન્યત્ર તેમ પોરબંદરમાં પણ જ્ઞાતિવાર મંડળો હતાં. જ્ઞાતિની વંડી, જ્ઞાતિનું વિદ્યાર્થી ભવન અને જ્ઞાતિનાં ગરબા મંડળો ઉપરાંત પોરબંદરમાં જ્ઞાતિવાર અખાડા પણ હતા. પોરબંદરમાં 'શ્રીમાળી વણિક વ્યાયામ મંદિર', જે તે સમયે 'નગીનકાકાના અખાડા' તરીકે જાણીતું હતું, સહુથી વધુ સાધનસંપન્ન હતું. તેમાં અંગકસરત, લાઠીદાવ, લૅઝિમદાવ, મલખમ અને ડ્રિલ શીખવવામાં આવતા. નગીનકાકા કુસ્તીમાસ્તર હતા એટલું જ નહિ, પ્રતિષ્ઠિત વેપારી અને ખાસ તો ગાંધીરંગે રંગાયેલા સ્વાતંત્ર્ય સૈનિક હતા. તેમણે દાંડીકૂચમાં વ્યવસ્થાપક ટુકડીના સેવક તરીકે અને ધોલેરા સત્યાગ્રહમાં એક સૈનિક તરીકે ભાગ લીધો હતો. યુવાનોને ભડકાવવા બદલ તેમને જેલમાં પૂરવામાં આવ્યા હતા. તેમની યાદમાં પોરબંદરમાં આજે 'નગીનદાસ મોદી માર્ગ' છે.

'નગીનકાકાના અખાડા'માં કિશોર બ્રોકરનું શરીરસૌષ્ઠવ બંધાયું તેમ સ્વાતંત્ર્યની ભાવના પણ દઢમૂળ બની. આ સમયના અન્ય બે યુવાનો, જે પાછળથી ગુજરાતના નામાંકિત લેખકો બન્યા તે શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના રાજ્યશાસ્ત્રના પ્રા. એમ. જી. પારેખસાહેબ અને પશુપંખી-વિજ્ઞાનકથાના લેખક વિજયગુપ્ત મૌર્ય છે. બ્રોકરના પિતરાઈ ભાઈ કાન્તિલાલ બ્રોકર અને વિજયગુપ્ત મૌર્યના મોટાભાઈ વેણીશંકર વાસુ તેમજ પારેખસાહેબ – ત્રણેને કારાવાસની સજા થયેલી. બ્રોકર તે સમયે મુંબઈ હતા, જ્યાં પાછળથી તેમની ધરપકડ થયેલી અને પૂનાની યરવડા જેલમાં પૂરવામાં આવ્યા હતા.

આમ, બ્રોકરના તનમનના રંગ એમની અખાડા-પ્રવૃત્તિમાંથી બંધાયા છે. બીજો મુદ્દો બ્રોકરના નાટ્યપ્રેમને લગતો છે. સુવિદિત છે તેમ બ્રોકરની પહેલાં ગુજરાતના એક સમર્થ વાર્તાકાર ધૂમકેતુને પણ પોરબંદરે પોતાની ગોદમાં રમાડ્યા છે. ધૂમકેતુના કાકા દામોદરભાઈ જોશી પોરબંદરની નગરપાલિકામાં 'સૅનેટરી ઇન્સ્પેક્ટર' હતા, તેમને ત્યાં રહીને ધૂમકેતુએ ૧૯૧૪માં પોરબંદરની ભાવસિંહજી હાઈસ્કૂલમાંથી મૅટ્રિક પાસ કરેલી છે. તે સમયે બાવીસ વર્ષના ધૂમકેતુએ પોરબંદરમાં 'સાહિત્ય સભા'ની સ્થાપના કરી હતી, જે દશ વર્ષ બાદ યુવા ગુલાબદાસે હાથમાં લીધી હતી. આ સભાનો મુખ્ય હેતુ તહેવારો દરમિયાન નાટકો ભજવવાનો હતો. આજે પણ ખાસ કરીને નવરાત્રિના તહેવારો દરમિયાન ભવાઈ અને નાટ્યના ખેલ લગભગ ગામોગામ ખેલાય છે. પોરબંદરમાં પોરબંદરના કવિ ત્રિભુ રચિત 'વીર દુર્ગાદાસ' ખેલાયું તેમાં દુર્ગાદાસના પાત્ર માટે પોતાના શરીરસૌષ્ઠવના કારણે બ્રોકરની પસંદગી થયેલી.

ગુજરાતની સ્વાતંત્ર્ય-ચળવળમાં એક તણખો ભૂગર્ભ-પ્રવૃત્તિનો પણ હતો. આ પ્રવૃત્તિ સૌરાષ્ટ્રના દરિયાકાંઠે વિશેષ હતી. સુભાષચંદ્ર બોઝની 'આઝાદ ફોજ' માટે પોરબંદરથી અનાજ ભરીને વહાણો, છૂપી રીતે રંગૂન ગયેલાં તેની રોમાંચક વાતો હજુ પણ વૃદ્ધ સાગરખેડૂઓ કરે છે. નાટ્યસંદર્ભે આનો એક રોચક પ્રસંગ બનેલો. પોરબંદરના નાટ્યલેખક દેવજી જોશી લેખિત 'આઝાદીની આગ અને અંતરની દાહ'માં – ભૂગર્ભપ્રવૃત્તિ સંબંધી સંવાદો હતા. ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે જયશંકર ભોજક 'સુંદરી' નામથી જાણીતા થયેલા છે, તેમ પોરબંદર રાજ્યમાં હરિભાઈ થાનકી 'ભાભી'ના નામથી પ્રખ્યાત હતા. ગામમાં 'ભાભી' એવાં લાડકાં હતાં કે તે જ્યાં જાય ત્યાં તેનો સત્કાર થતો. દરજી, મોચી, વાળંદ પૈસા લીધા વિના એનું કામ કરી દેતા. ઘોડાગાડીવાળો એને મફત બેસાડતો અને હોટલમાં ચાની પ્યાલી પણ એમને મફત મળતી ! આ ભાભી, વારેવારે ચેનચાળા કરતા ભત્રીજાને કહે છે કે 'પાણી દેખાડવું હોય તો ટેલિફોનનાં દોરડાં તોડ, રેલના પાટા ઉખાડ. તારો બાપ ટોપીવાળો આડેધડ બધાને વાઢે છે તે એકાદાને તો ઠેકાણે પાડ – 'સુદામાચોકમાં આ સંવાદ ભજવાયો અને બીજે દિ' ભાભીભત્રીજાની ધરપકડ થઈ ! 'સાહિત્ય સભા'ના યુવા કાર્યકરો સગેવગે થઈ ગયા, બ્રોકર મુંબઈ ભાગી ગયા ! આ સમયે બ્રોકરના હમસકલ કાન્તિલાલની ધરપકડ થયેલી, જેને તે વખતના પોરબંદર સંસ્થાનના ન્યાયમૂર્તિ વિજયશંકર વાસુ(પાછળથી 'વિજયગુપ્ત મૌર્ય')એ છોડી મૂકેલા.

પોરબંદરમાં ગાંધીપ્રવૃત્તિ અને ભૂગર્ભપ્રવૃત્તિ સાથે વજુભાઈ શુક્લના કારણે સામ્યવાદી પ્રવૃત્તિ પણ ખૂબ ફાલેલી. પોરબંદરમાં હવેલીનું જોર વધારે એટલે 'મારા ઠાકોરજીનું દૂધ કોણ પી ગયું ?' વગેરે કોમિક બહુ ભજવાતાં. આવા કોમિકમાં આવતા એક સામ્યવાદી સંવાદથી પણ પોરબંદરમાં ભાગદોડ થયેલી ! કોમિકનું દશ્ય કંઈક આવું હતું : દર્શન ખૂલે છે ત્યારે ફાટેલતૂટેલ લૂગડાંવાળી એક ભિખારણ, ભૂખથી પીડાતા પોતાના માંયકાંગલા બાળકને તેડીને અંદર ઘૂસી જાય છે અને શ્રી ઠાકોરજીની તથા તેની વાંસળીની વાહવાહ થાય છે ત્યાં આવીને ઊંચા સાદે પૂછે છે કે 'બોલ, તારી વાંસળીથી મારો ચૂલો ફૂંકાશે ?' બસ આ એક જ પ્રશ્નથી વૈષ્ણવશ્રેષ્ઠીઓ નારાજ થયેલા અને રાજને ફરિયાદ થયેલી ! આ સમયમાં પ્રસિદ્ધ ફિલ્મી કલાકાર મહેમૂદના પિતા મુમતાજ અલી પોતાની 'ડાન્સિંગ પાર્ટી' લઈને પોરબંદર આવેલા. બ્રોકર આ વાતાવરણમાં ઊછરેલા નાટ્યલેખક છે.

બ્રોકર જ્યારે દશ વર્ષના હતા ત્યારે ઇન્ફ્લુએન્ઝાના રોગચાળાથી મોટાંબહેન અને માત્ર થોડા કલાકો બાદ પિતાજી – એમ બન્ને એકસાથે અવસાન પામેલાં. બ્રોકરની વાર્તાઓમાં આવતા 'કરુણ'નું મૂળ પણ આમ પોરબંદરમાં છે. બ્રોકરની સંખ્યાબંધ

વાર્તાઓમાં પોરબંદરની ભૂગોળ છે. 'નીલીનું ભૂત'માં પ્લૉટ, રણ, માણેકચોક પોરબંદરનાં છે. ઘણી વાર્તાઓમાં પોરબંદરની ગત પેઢીનાં પાત્રો છે. 'બા' અને 'કૂંડી' જેવી વાર્તાઓ તેમજ 'મહાનિબંધ' જેવાં એકાંકી તો સીધેસીધું પોરબંદરને ઝીલે છે. દીપક મહેતા નોંધે છે તેમ બ્રોકરની રચનાઓમાં 'મધર ફિંગર'નો પ્રભાવ વિશેષ છે. 'બા'થી વિરુદ્ધની 'મા' એકાંકીની રાજબાઈ પણ બ્રોકર' પોરબંદરમાં અનુભવી છે.

બ્રોકરને ચં. ચી. મહેતા જેવા ધુરંધર સામે ચૂંટણી જીતીને ગુજરાતી સાહિત્ય પરિષદનું 'પ્રમુખપદ' મળેલું છે, તે ઘટનાથી અંદાજી શકાય છે કે બ્રોકર તરફ કેવી મોટી ચાહના હતી ! પોરબંદરમાં માત્ર અઢારેક વર્ષ બ્રોકર રહ્યા, પછી સતત આવતા રહ્યા છે પણ આમ પોરબંદર છોડ્યા પછી ૬૭ વર્ષ બાદ ૧૯૯૨માં બ્રોકરને 'પદ્મશ્રી'નું રાષ્ટ્રીય સન્માન મળ્યું ત્યારે પોરબંદરનો આબાલવૃદ્ધ હરખભેર બ્રોકરને વધાવવા – તેમનું અભિવાદન કરવા ઊમટેલો તે આ લખનારનો પ્રત્યક્ષ અનુભવ છે. પોરબંદરની 'લય' નામની સંસ્થાએ ત્યારે 'શ્રી ગુલાબદાસ બ્રોકર નાગરિક અભિવાદન સમારોહ' યોજેલો અને ત્રણ દિવસ સુધી નગરપાલિકા, ધાર્મિક સંસ્થાઓ અને ત્રીજા દિવસે શિક્ષણસંસ્થાઓએ બ્રોકર તથા સુમનબહેનને ગુલાબના હારતોરાથી ઢાંકી દીધેલાં ! સુમનબહેન પોરબંદરનાં દીકરી હતાં, જે 'પોરબંદર અને બ્રોકર'ના અતૂટ નાતાને વધુ રંગીન, વધુ સ્નેહભીનો બનાવનાર છે.

અંતમાં એક નાજુક વાત પણ મારે નમ્રતાથી આપની સામે મૂકવી છે. ૧૯૯૦ના સપ્ટેમ્બરમાં યશવંતભાઈ શુક્લ અને હું બ્રોકરના નિવાસસ્થાને વિલેપાર્લેમાં એમને મળવા ગયા હતા. આ સમયે બન્ને વડીલો વચ્ચે જે સંવાદ ચાલેલો તે મેં મારી ડાયરીમાં ટપકાવેલો છે. સાહિત્યક્ષેત્રે ઊભા થઈ રહેલા વર્ગવાદથી બન્ને વડીલો નારાજ હતા. 'અમુકને સન્માન મળે તે માટે નહિ' પણ 'અમુકને ન મળવું જોઈએ' એવી ગણતરીથી રમત રમી રહેલા મિત્રો – નબળાને પારિતોષિક માટે આગળ કરે છે અને સબળાને પારિતોષિકથી દૂર રાખે છે – એમ બેય બાજુથી સાહિત્યની કુસેવા કરી રહ્યા છે – એવો સૂર એમની ચર્ચામાં હતો.

આ તો સ્પષ્ટ છે કે બ્રોકરમાં જે અભ્યાસ અને લગભગ એક લેવલનું સાહિત્યસર્જન છે, તે પછીની પન્નાલાલ-પેટલીકર-પીતાંબરની પેઢીમાં ઘટ્યાં છે. આવી ઘટેલી માત્રાને ધ્યાન બહાર રાખીને જે ઊહાપોહ થયો અને આજકાલ થાય તે દુઃખદ છે એટલું જ. સાહિત્ય તો ગ્રંથિમુક્ત થવાની સાધના છે, વૃત્તિઓનું કથાર્સિસ છે, સબ્લિમેશન છે. આમાં 'મામકાવાદ' આપણને ખુદને સર્જક તરીકે અને મનુષ્ય તરીકે નીચે પાડનાર છે. આ મુદ્દો સમજીએ, યોગ્યને અન્યાય કરતાં અટકીએ તો તે મારે મન બ્રોકર જન્મશતાબ્દીની ફલશ્રુતિ બની રહેશે.□

---

□ ગુજરાત સાહિત્ય અકાદમી આયોજિત 'શ્રી ગુલાબદાસ બ્રોકર જન્મશતાબ્દી ઉજવણી'ની 'સંસ્મરણ' બેઠકના અધ્યક્ષ તરીકે તા. ૨૯ સપ્ટે. ૨૦૦૯ના રોજ અમદાવાદ મુકામે 'શ્રી ગોવર્ધન સ્મૃતિ મંદિર'માં રજૂ થયેલું વક્તવ્ય.

□

# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો જ અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ' ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

# સમીક્ષા/ગ્રંથાવલોકન

## ઘેરાવ : આંદોલનને જીવંતપણે ઉપસાવતી યાદગાર નવલકથા | ઉત્પલ પટેલ

[**'ઘેરાવ'** (નવલકથા) : પ્રાગજીભાઈ ભામ્ભી, પ્ર. આ. ૨૦૦૯, પ્રકાશક : પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, પૃ. સંખ્યા ૨૩૨, કિં. રૂ. ૧૬૦/-]

'દર્શન' સંજ્ઞાને ગહન દાર્શનિકતાના-તત્ત્વજ્ઞાનના અર્થમાં ન લેતાં 'દર્શન' એટલે 'જોવું તે' એટલા કોશગત અર્થમાં જ લઈએ તો પણ દર્શનનો મહિમા લગારે ઓછો નથી થતો. સાહિત્યસર્જક એના આંતર-બાહ્ય દર્શનને જ્યારે નવલકથાના રૂપમાં ભાષાના માધ્યમથી વર્ણનમાં ઢાળે ત્યારે એ (દર્શન) મહિમામંડિત બનીરહે છે. દર્શન વર્ણનમાં આવતાં સર્જકે સર્જકે નોખું જ રૂપ ધારણ કરે છે. એ નોખાપણું જીવંત રૂપે કેવું ને કેટલું વિલસે છે તે પરથી સર્જકની પ્રતિભાનો સારોય હિસાબ મળી રહે છે.

માણસ તેના જેવાં કે તેના કરતાં થોડાં જુદાં બીજાં માણસો સાથે સંકળાઈને જે પ્રકારે જીવન જીવે છે, સંઘર્ષ કરે છે, વિચારો કરે છે, સમાધાનો કરે છે, ચિંતા કરે છે, પસ્તાવો કરે છે, શેખી મારે છે, નમ્રતા દાખવે છે એવું કંઈ- કેટલુંય મળીને આખરે તો જીવન બનતું હોય છે – વણાતું હોય છે.

માણસનો સંઘર્ષ પ્રકૃતિ સામે, સમાજ સામે, કુટુંબ સામે, સંસ્કારો સામે, જાત સામે એમ અનેક રૂપે ખેલાય છે. જીવવું તો છે પણ કેવળ જીવવા ખાતર જીવવું નથી, કેવી રીતે ને શા માટે જીવવું એ સવાલોનો સામનો કરતાં કરતાં એને જીવવું છે. એ રીતે જીવવામાં જે સંઘર્ષ ખેલાય છે તે માણસને તોડે છે, ઘડે છે, ઘસે છે, માંજે છે ને તેને આગળ વધારે છે. આમ, જે જીવન જિવાય છે તેને સર્જક ભાષાના શબ્દાર્થગત બળને, ખુદની પ્રતિભાને લેખે લગાડી વાચક સમક્ષ ખડું કરે છે, જેમાંથી વાચક જીવનનો એક વિશિષ્ટ અનુભવ ને અર્થ બેઉ પામે છે. જીવનનાં તો કેટકેટલાં રૂપ છે ! એમાંથી પોતાના પ્રયોજનને અનુલક્ષીને નવલકથાકાર પ્રાગજીભાઈ ભામ્ભી પોતે જે જીવ્યા, જોયું તે દર્શનને 'ઘેરાવ' નામની કૃતિમાં, નવલકથા રૂપે, આલેખવાનો પ્રયત્ન કરે છે. તેમની પ્રથમ નવલકથા 'દિવાળીના દિવસો' (૨૦૦૨) ને એ પછીની બીજી નવલકથા તે આ 'ઘેરાવ'. 'ઘેરાવ' નવલકથાની પ્રસ્તાવનાનું પહેલું વાક્ય છે : '' 'ઘેરાવ' શીર્ષકથી નવલકથા ક્ષેત્રે આ મારો બીજો પ્રયત્ન છે.'' આખી પ્રસ્તાવના ધ્યાનથી વાંચતાં સમજાય છે કે પ્રસ્તુત કૃતિમાં લેખકને કથાના રૂપમાં એક આંદોલન ખડું કરવું છે, જિલ્લા કિસાનસભાના લાલ ઝંડાના નેજા નીચે. 'તમામ ગરીબોને બીપીએલ કાર્ડ આપો' એ મુખ્ય માગણીને બુલંદ બનાવવા, સરકાર સામેની લડતને એવી તો જીવંત બનાવવી છે કે વાચક એમાં પ્રેરાય ને એને આ લડતમાં પડવાનું મન થાય. એમને એ પણ દેખાડવું છે કે આંદોલનનું નેતૃત્વ કરનાર નેતા કંઈ આકાશમાંથી ટપકેલો નથી, સર્વગુણસંપન્ન નથી, મહાપુરુષના તેજથી ઝળાંહળાં નથી. અન્ય સાધારણ માણસોની જેમ જ જીવનારો, ગુજરાનમાં બે છેડા ભેગા કરતાં કરતાં હાંફી જનારો, ભણેલો, કૉલેજ સુધી ગયેલો સાધારણ માણસ જ છે એ. એની વિશેષતા એટલી કે પોતાને ચોટ લાગી જાય છે એથી એ કિસાનસભામાં જોડાય છે ને આગેવાની લઈ સામ્પ્રત જીવનના, લોકોને સ્પર્શતા અગત્યના પ્રશ્નને કાજે આંદોલનના નિર્માણનો પ્રારંભ કરે છે. એનું પૂરું નામ તો છગનભાઈ વીરચંદભાઈ ચૌહાણ પણ નવલકથામાં એ છગનભાઈ તરીકે ઉલ્લેખાય છે. આ છે નવલકથાનું પ્રથમ કે મુખ્ય પાત્ર. પહેલા પ્રકરણમાં જ આપણે પામી જઈએ છીએ કે આ મુખ્ય પાત્ર છગનભાઈ નિષ્ઠાવાળા છે, લડતની આગેવાનીમાં મક્કમતા ધારણ કરવાની કોશિશ કરનારા છે, તો સાથે સાથે સાધારણ માણસમાં જે ઊણપો, નબળાઈઓ હોય તે તેમનામાં પણ છે. નવલકથા ઊઘડતી જાય છે તેમ તેમ લેખક સ્મૃતિના માધ્યમથી છગનભાઈના પૂર્વજીવનને પણ ઉદ્ઘાટિત કરતા જાય છે. સામ્પ્રતની ક્ષણોની સાથોસાથ અતીતની ક્ષણો પણ અહીં જિવાતી જાય એમ કૉમરેડ છગનભાઈની ઘડતરકથા રજૂ થતી આવે છે.

આ રીતની આલેખનઘાટીમાં કથાના રમણ માટે સમયનો પટ કેવો ને કેટલો રાખવો તેમાં પણ નવલકથાકારની પ્રતિભાનું માપ દેખાઈ રહે છે. આલેખનની ચુસ્તી માટે સમસ્ત નવલકથાના ખેલનનો સમયપટ બને તેટલો ટૂંકો જ રાખવો પડે તે માટે લેખક સજાગ – સભાન જણાય છે. લેખકની પૂર્વ નવલકથા 'દિવાળીના દિવસો'માં ચાર જ દિવસની, ખરેખર તો સાડા ત્રણ દિવસની, એક ગામના, એક જ ફળિયાના લોકોના જીવનની ગતિવિધિનો ચિતાર છે. 'ઘેરાવ'માં પણ લેખકે સમયનું ચુસ્ત સંધાન કર્યું છે. અહીં પ્રાયઃ દોઢ માસનો સમયપટ છે. શિવરાત્રિ પછીની અર્થાત્ મહા મહિનાની અંતિમ તિથિએ કથાનો પ્રારંભ ને ચૈત્રના ત્રીજા અઠવાડિયાના પ્રારંભે અંત. કથા તો આંદોલનની છે, પ્રેમકથા નથી, તેથી રસકીય રીતે વિપ્રલંભશૃંગારના આલેખનનો તો સવાલ જ નથી. છતાં આ દોઢ માસના ગાળામાં ઊતરતો શિયાળો, ચડતો ઉનાળો ને ચડેલો ઉનાળો ને તે રીતે જતી ટાઢ, ચડતી ગરમી ને ચડેલી ગરમી અથવા કૂણો તડકો, આકરો તાપ ને 'ટીઠાહણ' તાપ – એમ ઋતુપલટાનાં વેળાવેળાનાં રૂપોનું આકાશ અને ધરતી સંબંધે લેખકે જે આલેખન કર્યું છે તે ચોક્કસ આંદોલનની ક્રમશઃ વધતી જતી ગરમી માટે ઉદ્દીપનવિભાવ બની રહે છે.

તો, આગળ કહ્યું તેમ, લેખકને પ્રસ્તુત નવલકથામાં જે બે કામ કરવાનાં છે તે પૈકીનું પહેલું ને મુખ્ય તે આ આંદોલન, બીપીએલ કાર્ડ માટેની લડત અને બીજું તે આ આંદોલન નિમિત્તે જનગણનું આલેખન. એમાં પ્રધાન-ગૌણ પાત્રોનો જે ગોંફ રચાય છે તેને આપણે તે પાત્રોના આકાશ અને ધરતી સાથે જીવંતરૂપે આલેખાયેલો અનુભવીએ છીએ. લેખકે પોતાના ઉપરોક્ત મુખ્ય ને મૂળભૂત આશય તળે કૃતિ જો નવલકથા બને એ પ્રતિ પણ તેઓ સજાગ છે. નવલકથાની કળા નીપજી આવે એય વધુ ઇષ્ટ એવું તેઓ સમજે છે. આમ, આ બંને કામ પરસ્પર પૂરક રીતે અહીં ભળ્યાં છે.

કૃતિની સંકલના માટે લેખકે આયોજન પણ સમુચિત કર્યું છે. કથાનો પ્રારંભ રેલીથી અને અંત કલેક્ટર કચેરીએ યોજાયેલા ઘેરાવથી. આ બે ઘટનાબિંદુની વચ્ચે કથાનો પ્રવાહ છે. તે સીધો સમથળ ગતિએ નથી વહેતો. દિશા નક્કી છે, લક્ષ્ય નક્કી છે પણ મંથરતા, ઉતારચઢાવ આવે-જાય છે. આરંભ-અંતના બંને પ્રસંગો જિલ્લામથક એટલે શહેરની ધરતી

પર યોજાય છે. બાકીનું જે ઘટે છે તે ગામડામાં. ગામડાનું આકાશ, ગામડાની ધરતી, ત્યાંની હવા ને ત્યાંના લોકો. મોટેભાગે માટીનાં ઘરવાળાં ફળિયાં, ઘર આગળ લીમડા એય બળદભેંસો બાંધેલાં. પાદર, ખેતર, ખેતી, કૂવા, નદી એ બધાંનાં આલેખનથી ગ્રામીણ પરિવેશને તાદશ કરવામાં આવ્યો છે. એમાં વળી સવાર, બપોર, સાંજ ને રાતનાં આલેખનો, અંધારિયા ને અજવાળિયાનાં આલેખનો. ગ્રામીણ ધરતી પર વસતાં શોષિત, મહેનતકશ, બીપીએલના સાચા લાભાર્થી લોકો તેમની ધરતીમાં ખરેખર રોપાયેલા લાગે છે. મુખ્ય પાત્ર છગનભાઈની જ વાત કરીએ તો એમના જીવનમાં કેટકેટલા મોરચા આવ્યા છે – ખેડુ-ખેતમજૂર લેખે બાદર પટેલ સામે, લગ્નજીવનમાં કમુ સામે, લોકોના પ્રાણપ્રશ્નો માટે સરકાર સામે, રીતરિવાજોના બંધન સામે, ભીતરમાં પડેલી ને પ્રસંગે છતી થતી જતી નબળાઈઓ સામે, પોતે નાતજાતમાં મુદ્દલ માનતા નહિ હોવા છતાં પોતે જે જ્ઞાતિમાં જન્મ્યા – ઊછર્યા તે ચમાર જ્ઞાતિને લીધે આવેલી લઘુગ્રંથિ સામે. આમ છતાં, એમણે હારી તો ખાધું જ નથી. એમના શબ્દોમાં કહીએ તો એમણે ‘લાલ ઝંડાને ઝૂકવા તો દીધો જ નથી.’ એમાંય વળી ઉપરતળે કરે એવો એક નવો મોરચો છે દીવાબહેન પ્રત્યેનો. દીવાબહેન તરફનું આકર્ષણ ને એમાંથી છૂટવા માટેનો સંઘર્ષ. આ બધાંમાં આંદોલનના દોરે પરોવાઈને છગનભાઈ જે લડે છે, વિચારે છે, ચિંતા કરે છે, વર્તે છે તેમાંથી તેમની એક કાર્યકર તરીકેની, એક નેતૃત્વકારી કૉમરેડ તરીકેની એક છબી પ્રગટે છે.

કિસાનસભાના આરંભથી માંડીને સંગઠન દ્વારા લડત ને લડત દ્વારા સંગઠનના વિકાસના દોરમાં સમયાનુક્રમે ડાહ્યાભાઈ, પરતાપજી, નરપતસિંહ ને દીવાબહેન જેવાં સહકાર્યકરો મળ્યાં તે બધાંનાં વર્તાવ-વચનોમાંથીયે છગનભાઈ ઊઘડે છે ને તેમ છગનભાઈનાં વર્તાવ-ચિંતન-સંવાદોમાંથી તે તે પાત્રો પણ ઊઘડી આવ્યાં છે. લડત ચાલુ છે, આંદોલનની તૈયારીઓ ચાલી રહી છે. તો સાથે સાથે ત્રિકોણો રચાતા જાય છે. છગનભાઈ, કમુ અને દીવાબહેનનો ત્રિકોણ. એનાથી જુદો દીવાબહેન, છગનભાઈ અને ડાહ્યાભાઈનો. દીવાબહેનનું પાત્ર સહજ કારણે કિસાનસભામાં દાખલ થઈ કાર્યકર બને છે. છગનભાઈની અને તેમની નાત એક, ગોળ એક, સગપણમાંયે દૂરનો છેડો અડે એટલે તેમના બંનેનો સંબંધ એક અલગ સંકુલ પરિમાણ ધારણ કરે છે. ડાહ્યાભાઈ કિસાનસભાના કામમાં સાથી છે. સ્થૂળ રીતે સમીપ આવવાનું બને છે એમાંથી સંબંધ સરજાય છે. આંદોલન, મન અને સ્વભાવ ત્રણે વસ્તુ સાથી કાર્યકર સાથે સંબંધાતાં આંદોલન પણ જીવંત બને છે. મનુષ્યસ્વભાવ પ્રગટતો જાય છે. ને એમાંથી પાત્રનું અંતરંગ પણ ઊઘડતું જાય છે.

ગૌણ પાત્રોમાં જેઠીમા, જગદીશ (જગો), બાદર પટેલ, અશોક, હિમ્મત, આગેવાનોની પત્નીઓ કેશરબા, કમળાબહેન અને રૂપકુંવર, રાજીફઈ, જીવો ફુઓ પ્રધાનપાત્રોમાં કંઈક રેખાઓ પૂરે છે. તો પણ અરખીબા, કોદરજી, કુબેરજી, કોયશંગ, ઝુઝારસિંહ, હીરાબા, દીતોજી, કમજીભાઈ, સોમીબહેન, પદમસિંહ, શિવાજી, સોમાજી, શેઠ ડાહ્યાલાલ, ધીરોજી, શોનાંબા, ઈજુ, રૂખી, સૂરજ વગેરે ગૌણપાત્રો પણ થોડા ઘાટે ઘડાઈનેય તાદશ બન્યાં છે એટલું જ નહિ, પણ આંદોલનને ઉઠાવ ને વાતાવરણ ભરી આપવામાં તેમનો ફાળો કાંઈ ઓછો નથી. કમુ તો પ્રમુખપાત્ર છગનભાઈની પરણેતર. એના વિશે તો વિગતે વાત થઈ શકે. એને નવલકથાની નાયિકા ગણી શકાય એવી પીઠિકા નવલકથામાં રચાઈ છે.





નવલકથામાં પહેલાં તો આપણે એને પામીએ છીએ છગનભાઈની સ્મૃતિના આલેખન દ્વારા. પણ ૧૯મા પ્રકરણમાં પરબતપુરામાં દીવાબહેન અને ડાહ્યાભાઈને એનો જે પરચો થાય છે અને પછી પણ દીવાબહેન-ડાહ્યાભાઈની ચર્ચામાં એ રહે છે. ૪૧મા પ્રકરણમાં સંકોચાતી સંકોચાતી ઘેરાવના પરિદૃશ્યમાં પ્રવેશ પામી અંતિમ બેતાલીસમા પ્રકરણમાં તો એવી રીતે વર્તે છે કે પરતાપજી, નરપતસિંહ જેવાં પ્રધાન પાત્રોનાં હૃદયમાં એ સ્થાન બનાવી લે છે. દીવાબહેન પર એની એવી અસર થાય છે કે તેઓ કમુમાં બેઠેલી બીજી કમુને જોયા પછી પોતાનામાં બેઠેલી અલગ દીવાને શોધવા પ્રેરાય છે. નવલકથાનાં પૃષ્ઠોમાં પ્રમાણમાં ઘણો ઓછો સમાસ પામીનેય કમુનું પાત્ર એક ચરિત્ર લેખેની સંકુલતા ધારણ કરે છે.

રાજ્ય કિસાનસભાના પ્રમુખ કૉમરેડ ચંદુભાઈ પટેલ અને મંત્રી ઠાકોરભાઈ શાહ આમ તો ગૌણ પાત્રોમાં આવે પણ તેમનું પાત્રત્વ ગૌણના વિશેષણથી કંઈક વિશેષનું અધિકારી છે. અરખીબા પણ ગૌણ પાત્રોમાં વિશિષ્ટ સ્થાન ભોગવે છે. યુગલ તરીકે નરપતસિંહ-રૂપકુંવર અને પરતાપજી-કેશરબાનાં યુગલો સરસ ચીતરાયાં છે. આંદોલનની દૃષ્ટિએ પણ એ વસ્તુનું મહત્ત્વ છે. યુગલ તો ડાહ્યાભાઈ અને કમળાબહેનનું પણ છે. પણ ડાહ્યાભાઈએ જેટલી જોડી દીવાબહેન જોડે જમાવી છે એટલી પત્ની કમળા જોડે નથી જમાવી. સ્થળકાળ ને પ્રકૃતિનાં દૃશ્યાલેખનથી, પ્રસંગાલેખનથી, પાત્રવર્ણનથી, પાત્રવર્તનથી, સંવાદ-આલેખનથી, કથનથી પાત્રસૃષ્ટિ જીવંત બની ઊઠી છે. ને આંદોલનને ઉભારવામાંય ખૂબ જ કારગત બને છે.

લેખકની કથનકળાના નમૂના રૂપે દીવાબહેનના પ્રવેશનું આ આલેખન જુઓ :

> *“ઉત્તર દિશા તરફથી ગાડું આવી રહ્યું હતું. ધોળા બળદ જોડેલા. પીઠ પર લાલ કપડાનું ઓઢણ. ગળે ઘૂઘરમાળ. ગાડા ઉપર ચારે છેડે ચાર ઝંડા લહેરાઈ રહ્યા હતા. ગાડું તેના સહજ અવાજ સાથે છેક નજીક, કૉમરેડ છગનભાઈ ઊભા હતા ત્યાં જ આવીને ઊભું રહી ગયું. કૂદકો મારીને લાલ સાડીવાળાં દીવાબહેન ઊતર્યાં. તેમનું રૂપકડું મોઢું અને ઊતરવાની છટા જોઈને કૉમરેડ છગનભાઈના બેતાલીસ વરસના શરીરમાં થઈને એક લખલખું પસાર થઈ ગયું ! દીવાબહેનને કંઈ આજે જ નહોતાં જોયાં. હવે તો એ આગેવાન કૉમરેડ છે. વારંવાર મળવાનું બન્યું છે. છતાં તેમનો આજનો રંગ તો નોખો જ લાગ્યો. છગનભાઈ સાવધ થઈ ગયા. સ્વસ્થ થઈ ગયા. લખલખું તો આવ્યું ને જતું પણ રહ્યું !*
>
> *પાંત્રીસેકની વયનાં એકવડિયા બાંધાનાં દીવાબહેન વિધવા હતાં. આઠમા સુધી ભણેલાં. અત્યારે પણ ગુજરાન તો મજૂરી પર જ હતું. ગોરા ગોરા હાથની હથેલીઓમાં આંટણ પડી ગયેલાં. નછોરવાં હોવાને લીધે કે ગમે તેમ, તેમના રૂપજોબનમાં તાજગી ટકી રહી હતી. બોલાશમાં મીઠાશ હતી.”* (પૃષ્ઠ : ૧૩)

દૃશ્યાલેખન દ્વારા પાત્રાલેખન અહીં તાદશ બની ઊઠ્યું છે. એક રીતે કહીએ તો ‘ઘેરાવ’માંની પાત્રસૃષ્ટિ એક અલગ અભ્યાસ માગી લે તેવી બની આવી છે.

આંદોલનની વાત કેન્દ્રમાં હોય ત્યારે મિટિંગો, સંવાદ, ફોન પરની વાતચીત, ફંડફાળાની ઝુંબેશ, પત્રિકાવિતરણ, સભા-સત્યાગ્રહ, શિવાજીના ઘઉં વાળી લાવ્યા જેવી ઘટનાઓ વગેરેનું યથોચિત શૈલીમાં નિરૂપણ જરૂરી હોય છે. આ પ્રકારના નિરૂપણમાં

ગુજરાતી નવલકથાનો નિરૂપણવારસો ભાગ્યે જ ખપ આવે. નિરૂપણમાં નવી જ જમીન તોડવી પડે. વાસ્તવનું હૂબહૂ આલેખન કરવું પડે. અહીં લેખકનો ખુદનો આંદોલનનો અનુભવ ખૂબ લેખે લાગ્યો છે. લેખક પોતે ગુજરાત કિસાનસભાના પ્રમુખ છે. તેમણે પોતે આંદોલનોનું નેતૃત્વ કરેલું છે. વળી તેઓ ગુજરાતી ભાષાસાહિત્યના અભ્યાસી પણ છે. આંદોલનને ચાક્ષુષ કરવું હોય ત્યારે વાતાવરણનું સર્જન ખૂબ જ જરૂરી બને એવું એ સારી પેઠે જાણે છે એથી એનો લાભ અહીં એમણે લૂંટ્યો છે. તેજ-અંધારનાં ટૂંકાં ટૂંકાં વર્ણનો નવલકથાવિશ્વની આબોહવા રચવાની સાથે સાથે પાત્રચિત્તની આશા-નિરાશા ને ચિંતાને પણ વ્યંજિત કરી આપે છે.

પ્રસંગનાં, પાત્રોનાં, સ્થળનાં, વેળાનાં, ઋતુપલટાનાં, તેજનાં, અંધારનાં એમ અનેકાનેક વર્ણનો સંક્ષેપમાં ને તેય વળી જરૂર જેટલા પ્રમાણમાં નવલકથામાં પ્રકરણે પ્રકરણે પથરાયેલાં છે. ચરિત્રચિત્રણમાં, સંકલનામાં, કથાવિકાસની ગતિમાં ને સમગ્રતાએ નવલકથાના જગતની હવા સર્જવામાં પ્રસ્તુત વર્ણનોની અનિવાર્ય ભૂમિકા રહી છે.

આંદોલનથી આંદોલન સુધીની કથાગતિ પ્રસંગે ચરિત્રોને ગહરાઈમાં લઈ જતી હોવાથી કંઈક મંથર રહી છે. આંદોલન ક્રમશઃ ટાઇટ રહી, તેજ ને તેજ થતું જાય ને તેમાં તમામ પાત્રોની ભૂમિકા રહે એવું બનતું નથી, ને એવું બની પણ ન શકે. માણસની ચિંતા, દુવિધા, તેને વળગેલા પુરાણા સંસ્કારો, શારીરિક-માનસિક થકાન, દુર્બળતા આંદોલનમાં ઝોળ પાડવામાં જવાબદાર રહે છે. ચડાવ લાવવા જતાં ઉતાર પણ આવે છે, પણ બધા જ ઉધામા-ઉદ્યોગ આંદોલનને તેજ કરવા માટે જ છે એમાં શંકા નથી. એક બાજુ રેલીમાં લોકોની સંખ્યા થશે કે નહિ તેને માટે છગનભાઈને દુવિધા ને ચિંતા હોવા છતાં રેલી ઘણી જ સારી સંખ્યાવાળી પ્રભાવક થાય છે અને બીજી બાજુ અપેક્ષા કરતાંયે સત્યાગ્રહીઓની સંખ્યામાં વધારો થવા છતાં કલેક્ટરની ચાલાકીથી ઘેરાવના ટાઇટ કાર્યક્રમમાં ઝોળ પડી જાય છે પણ નવલકથાનો આખરનો સૂર શું છે ? તે જુઓ :

> *“સાંજે પાંચ વાગ્યે પોલીસ અટકાયતમાંથી છૂટવાની ઘડી આવી ત્યારે જોરથી નારો ડાહ્યાભાઈએ નહિ, છગનભાઈએ બોલાવ્યો :*
>
> *અભી તો યે અંગડાઈ હૈ;*
>
> *ડાહ્યાભાઈ સહિત સત્યાગ્રહીઓએ બુલંદ અવાજે નારો ઉઠાવી લીધો :*
>
> *આગે ઔર લડાઈ હૈ !*
>
> *આગેવાનો અને કાર્યકરો માટે આ અણધાર્યું હતું. દીવાબહેન તો જોઈ જ રહ્યાં ! કમુ પણ. ડાહ્યાભાઈને તો સુખદ આશ્ચર્ય થયું : “કૉમરેડ (છગનભાઈ)નો અવાજ શું આટલો બુલંદ હતો ?”* (પૃષ્ઠ : ૨૩૨)

નવલકથામાંથી પસાર થનાર વાચકને ખબર છે કે નેતૃત્વકારી કૉમરેડોમાં સૌથી વિશેષ બુલંદ અવાજ તો ડાહ્યાભાઈનો છે પણ તેમને સુખદ આશ્ચર્ય સાથે જે પ્રશ્ન થાય છે કે કૉમરેડ છગનભાઈનો અવાજ શું આટલો બુલંદ હતો ? તેની પાછળનો સૂર એ છે કે મુખ્ય કૉમરેડ છગનભાઈનો અવાજ કમુની ચિંતાને કારણે કંઈક બંધાયેલો હતો તે હવે મુક્ત, ઉન્મુક્ત થઈ ચૂક્યો છે. એ જ રીતે આંદોલનનો સૂર પણ દુવિધા-ચિંતાથી મુક્ત બની બુલંદ બન્યો છે. ભાગ લેનાર કાર્યકર્તાગણનો મજબૂત આત્મવિશ્વાસ તેમાં વ્યંજિત છે.





સંકલનાની દૃષ્ટિએ આપણને લાગે કે દીવાબહેન અને ડાહ્યાભાઈ પરબતપુરા જાય છે ને ત્યાંથી પાછાં આવે છે એ વસ્તુનું આલેખન કંઈક અંશે લંબાયેલું લાગે છે. કદાચ આપણને એમ પણ થાય કે લેખકને આલેખન માટેનો મનપસંદ પ્રદેશ મળી ગયો એથી પ્રમાણ જળવાયું નથી. પણ મૂળે તો આંદોલનના સૂત્રધાર કૉમરેડ છગનભાઈના લગ્નજીવનમાં જે ગૂંચી ઊભી થયેલી તેને ઉકેલવા માટે ડાહ્યાભાઈ અને દીવાબહેનના પાત્ર દ્વારા લેખકે આ પ્રકરણો (૧૭, ૧૮, ૧૯, ૨૦) આલેખ્યાં છે. ઉચિત રીતે જ લેખકે ડાહ્યાભાઈ અને દીવાબહેનના આ પ્રયાસથી છગનભાઈને અજાણ રાખ્યા છે. નવલકથાને અંતે આ પ્રયાસ લેખે લાગ્યો છે તેની પ્રતીતિ વાચકને થાય છે. સંકલના ને આલેખનની દૃષ્ટિએ કૃતિ એકત્વ ધારણ કરે છે. તમામ પાત્રો-પ્રસંગો આંદોલન માટે જ આવે છે. આંદોલનનો આરંભ, છેડો અને તેનો સમય એ ત્રણે કૃતિને આકૃતિ અને ચુસ્તી અર્પવામાં લેખે લાગ્યાં છે.

કૃતિનાં મહત્ત્વનાં પાસાં બે છે : ચરિત્રચિત્રણ અને વાતાવરણ. ને એ જ આંદોલનને જીવંત બનાવે છે. છગનભાઈ, ડાહ્યાભાઈ, પરતાપજી અને નરપતસિંહનાં પાત્રો જીવંત બન્યાં છે. કમુ અને દીવાબહેન એ બે નારીપાત્રો તો લાંબા સમય સુધી વાચકના ચિત્ત પર પથારો પાથરે એવાં બની આવ્યાં છે.

કદની દૃષ્ટિએ ઠીકઠાક દળ ધરાવતી આ નવલકથામાં લેખકે જે ગદ્ય ઘડ્યું છે તેમાં ક્યાંય ગાંઠોગળફો કે ખાંચખરોચ વરતાતાં નથી. આપણી બોલચાલની, વ્યવહારની ભાષાની એકદમ નજીક રહીને લેખકે નવલકથાનું ગદ્ય નિપજાવ્યું છે. આ રીતનું ગદ્યપોત આપણા ગુજરાતી ગદ્યમાં મહત્ત્વનું ઉમેરણ છે એમ અતિશયોક્તિની જરા પણ બીક રાખ્યા વગર કહી શકાય. લેખકની નેમ જબરું ગદ્ય લખવાની નથી, વર્ણનની કલા દાખવવાની નથી, વિવેચકોની પ્રશંસા રળવાની નથી. એમની નેમ મૂળે તો નવલકથા દ્વારા આંદોલનની પ્રક્રિયાને જીવંત બનાવવાની ને એ રીતે બીપીએલ કાર્ડની માગણીના અવાજને બુલંદ કરવાની છે. તેમ છતાં કૃતિને એક સારી – યાદગાર નવલકથા બનાવવામાં લેખકે કશે કસર છોડી નથી એવું જરૂર નોંધી શકાય એમ છે.

આ લેખનો બંધ વાળતાં, આરંભે કહ્યું તે ફરી કહું કે આ આંદોલનાત્મક નવલકૃતિમાં જીવનનો એક વિશિષ્ટ અનુભવ અને અર્થ વાચકો ચોક્કસ પામશે, જે હું પામ્યો છું.

## કાર્મેલીન : નારીની વ્યથાનું પ્રતીકાત્મક આલેખન | ડૉ. ભાવેશ જેઠવા

[**કાર્મેલીન** (અનુ. નવલકથા) : મૂ. લે. દામોદર માઉઝો, અનુ. દર્શના ધોળકિયા, પ્ર. દિલ્હી સાહિત્ય અકાદમી, પ્ર. આ. ૨૦૦૮, પૃ. ૪+૨૧૫, કિં. રૂ. ૧૨૦/-]

‘નારી તું નારાયણી’ એમ આપણે ત્યાં કહેવાતું આવ્યું છે. પરંતુ આ વિભાવના હતી આજથી થોડાંએક વર્ષો પહેલાંની. પરંતુ હવે જમાનાએ પલટો ખાધો છે. સભાનપણે તીવ્ર આંદોલન ચાલી રહ્યું છે – ‘નારીચેતના-જાગૃતિ’નું. સમયના તકાદા પ્રમાણે હવેની નારીજગત સમક્ષ કોઈ ને કોઈ સ્વરૂપે પોતીકી આગવી ઓળખ આપવા ઉપસ્થિત થતી રહી છે.

પ્રસ્તુત નવલકથા 'કાર્મેલીન' મૂળે કોંકણી ભાષામાં લખાયેલી છે. જેનો ગુજરાતી અનુવાદ ડૉ. દર્શના ધોળકિયાએ કર્યો છે. જેમાં નાયિકા કાર્મેલીન એક નવા જ રૂપે રજૂ થઈ છે. જેમાં નારીને થયેલા અન્યાય તો છે જ પરંતુ સાથે સાથે સમાજ અને પરિસ્થિતિઓ સામે ઝઝૂમતી પણ બતાવાય છે.

'કાર્મેલીન' સંઘર્ષશીલ નારીની આપવીતી છે. બાલ્યવસ્થાથી આ સંઘર્ષયાત્રા શરૂ થાય છે જે કથાના અંત સુધી નિરંતર ચાલે છે. અલબત્ત નવલના ઉત્તરાર્ધમાં સંઘર્ષ તીવ્ર અને અસહ્ય બતાવાયો છે. નાયિકા પણ નિસહાય બની નિયતિ સામે મૂક ફરિયાદ કરતી રહે છે. જ્યારે ઉત્તરાર્ધમાં આ જ નાયિકા જમાનાની ઠોકર ખાઈ ખાઈને આવનારી વિકટ પરિસ્થિતિને સ્વીકારીને જિવાતા જીવનને અલગ જ દૃષ્ટિકોણથી જુએ છે.

કથાની માંડણી પશ્ચાદ્‌ભૂથી થાય છે. કાર્મેલીને પરિસ્થિતિવશ સ્વૈચ્છિક સ્વીકારેલો કુવૈત પ્રદેશ, ત્યાંની જીવનશૈલી, ત્યાં સુખની આશામાં જિવાતું વ્યથિત જીવન, આરબોની અર્થસમૃદ્ધિ વગેરે પરિવેશમાં કાર્મેલીન કોઈ ને કોઈ રીતે જાતને ગોઠવી લે છે – ''શરૂઆતના થોડા દિવસો દરમ્યાન પારકાપણાની ભાવના નડતી રહી. એકલતા ખાવા ધાતી હતી ને જીવ નીકળી જાય તેવો અલગાવ પીડા જન્માવતો હતો. પણ ધીમે ધીમે એનીયે ટેવ પડી ગઈ. એવું નહોતું કે કાર્મેલીનને આ નવા વાતાવરણમાં ગોઠવા લાગ્યું હતું. પણ એ નવી કમાણીની આશામાં ભવિષ્યનાં રંગીન સ્વપ્નોમાં ખોવાઈ ગઈ હતી.'' અરબી પ્રજાનો શુક્રવારનો દિવસ એટલે 'જુમ્મા'. જુમ્મા એટલે આરામ અને આનંદનો દિવસ. એમાંયે કાર્મેલીનનો માલિક નિસાર માટે તો બેવડા આનંદનો દિવસ. પરંતુ કાર્મેલીન ! કાર્મેલીનને તો પરિસ્થિતિઓની સામે ઝઝૂમવાનું હતું. એક તરફ માનવસહજ અતૃપ્ત વાસના તો બીજી તરફ પારંપરિક જીવનમૂલ્યો આ બંને તંતુઓ વચ્ચે જાતને ગોઠવવાની હતી. સભાનપણે ગોઠવાયે જતી હતી.

અલબત્ત, કાર્મેલીન માટે ચિરંજીવ સુખનો સૂરજ તો ક્યારેય નહોતો જ ઊગ્યો. નાનપણમાં ભાઈ-માબાપની છત્રછાયા ગુમાવી બેઠેલી કાર્મેલીન ફઈ ફેનાંદ અને ફુવા જુઆંવ ફિલિપની નિશ્રામાં નવા જીવનની શરૂઆત કરે છે. અહીંથી બીજ રોપાય છે – 'કાર્મેલીન'નાં. ''છોડને જ્યારે એની મૂળ ભોંયમાંથી ઉખાડીને બીજી ધરતીમાં રોપવામાં આવે છે ત્યારે શરૂઆતમાં થોડા દિવસ સુધી કરમાઈને એ પીળો પડી જાય છે. એ જ દશા કાર્મેલીનની પણ થઈ ગઈ હતી. ગામ નવું, ઘર નવું અને વ્યક્તિઓ પણ નવી. કાર્મેલીન જાણે ચીમળાઈ ગઈ. નસીબે એને ડામ દીધા હતા એની બળતરા હજુ શમી ન હતી. માથી હંમેશને માટે વિખૂટા પડ્યાનો શોક હજી તાજો હતો – જાણે શૂળ ભોંકાતી હતી. અંદરનો આક્રોશ હોઠની અંદર જ દબાયેલો રહેતો; ઉપરથી આ આજુબાજુનું પરાયાપણું એને વ્યાકુળ કરતું હતું. ચાર દિવસ સુધી કાર્મેલીન મૂંગી બનીને જોતી રહી.''

ધીમે ધીમે કાર્મેલીનનું જીવન ચઢાવ-ઉતાર સાથે વ્યતીત થાય છે. દરમિયાન ફઈના દીકરા આગ્નેલ અને કાર્મેલીન વચ્ચે મુગ્ધ પ્રણય ખીલે છે. સમય જતાં આ મુગ્ધ પ્રણયનો કાર્મેલીન ભોગ બને છે – ભોક્તા છે આગ્નેલ. મા-બાપના મૃત્યુ પછીની પહેલી કારમી થપાટ આગ્નેલ કાર્મેલીનને આપે છે. મા-બાપનાં મૃત્યુએ પરિસ્થિતિ ઊભી કરી તો સમાજે ઊભા થયેલા સંજોગોનો ભરપૂર ફાયદો ઉઠાવ્યો. આગ્નેલથી ત્યજાયેલી કાર્મેલીન પિતા સમાન ફૂવાના પ્રેમાળ વાત્સલ્યભર્યા આગ્રહને કારણે જૂજે સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. પરંતુ કાર્મેલીનથી દુઃખ પીછો છોડતું ન હતું. પતિ જૂજેની દારૂ પીવાની ટેવ અને જુગારે તેના રહ્યાસહ્યા જીવનને પણ બરબાદી સુધી લાવી મૂક્યું. જૂજેના દારૂ પીવાના શોખે કાર્મેલીનને જાણે પીંખી નાખી. બાકી રહી જતું હોય તેમ જૂજેના મિત્ર રૂજારે પણ તકનો લાભ લઈ કાર્મેલીનને પોતાની વાસનાનો ભોગ બનાવી. આમ દિવસે દિવસે કાર્મેલીન પુરુષોની વાસના સંતોષવાનું સાધન માત્ર બનતી ગઈ. વચ્ચે વચ્ચે બસ્તાંવ અને ઇજાબેલ તારણહાર રૂપે કાર્મેલીનની પડખે ઊભા રહે છે. પરંતુ સંજોગો સામે કાર્મેલીન નિઃસહાય હતી. ચોતરફથી સમસ્યાઓ આક્રમક ગતિએ હલ્લો કરતી હતી. દિશાહીન બનેલી કાર્મેલીન સંઘર્ષથી ત્રસ્ત થઈને નૈરાશ્ય તરફ ધકેલાતી જતી હતી. પરતુ અચાનક એક દિવસ તેના સંઘર્ષનું સ્વરૂપ પલટો મારે છે. વીતેલા સમયની એલ્સા નામની તેમની બહેનપણી તેમને મળવા આવે છે. કાર્મેલીન પાસે તે કાર્મેલીનને કુવૈત કમાવા જવાનો પ્રસ્તાવ મૂકી જાય છે. જાતભાતનાં ચૈતસિક આંદોલનને અંતે કાર્મેલીન ઇજાબેલાના સહારે કુવૈત પહોંચે છે. કુવૈતની જીવનશૈલીમાં આગળ વાત કરી તેમ કાર્મેલીન પોતાની જાતને ઢાળી દે છે. સમયાંતરે તે પોતાની વહાલી દીકરી બેલિંદાને ખાતર ગોવા આવતી-જતી રહે છે. આ સમય દરમિયાન જૂજે પણ દારૂની લતને કારણે સ્વર્ગે સિધાવે છે. પુત્રી બેલિંદા યૌવનના ઉંબરે પગ મૂકે છે.

કાર્મેલીનનું ગોવા છોડવાનું કારણ પોતાની વહાલસોયી દીકરી બેલિંદા હતી. પોતાનું જીવન તો રગદોળાયું પરંતુ બેલિંદાનું ભાવિ જીવન સુખી રહે એ જ કાર્મેલીનનું સ્વપ્ન હતું. ''બેલિંદાને કારણે જ તો કાર્મેલીને કુવૈતની ભૂમિ પર પગ મૂકેલો. – બેલિંદાનું જીવન ફૂલેફાલે એ જ હેતુ માટે. કાર્મેલીનના પોતાના જીવનનું સપનું તો રોળાઈ ચૂક્યું હતું. એના જીવનનાં અરમાનો ચકનાચૂર થઈ ગયાં હતાં. એનો દેહ મામૂલી મૂલે વેચાઈ ચૂક્યો હતો. ઓછામાં ઓછી જરૂરિયાતની પૂર્તિ પણ તેને માટે ઘોર યંત્રણા બની ચૂકી હતી. તેને હવે ચિંતા હતી માત્ર બેલિંદાની. કાળજાનો આ રૂપકડો ટુકડો ક્યાંક મેલો ન થઈ જાય. એનો રંગ ફિક્કો ન પડી જાય. કાર્મેલીને વિચારી લીધેલું, પોતાની ભ્રષ્ટ કાયા ભલે વધારે ભ્રષ્ટ બને, પણ બેલિંદાની પવિત્રતાને આંચ ન આવે. પોતાનું નારકીય જીવન ભલે નરકના ઘોર અંધકારમાં ડૂબી જાય, પણ બેલિંદાનું ભવિષ્ય સદાય ઊજળું રહે. પોતાનું ગંધાતું જીવન ભલે વધારે ગલીચ બને, પણ બેલિંદાનું જીવન સુગંધથી તરબતર બને. એની ખુશ્બૂ ચારે બાજુ ફેલાતી રહે !!''

આમ, કાર્મેલીન પોતાની છબી બેલિંદામાં જોઈ રહી છે. પરંતુ પુત્રી બેલિંદા કાચી સમજ સાથે યુવાન થતાં જ કાર્મેલીનને છેલ્લો આઘાત આપે છે. ''ના, મમ્મી, હું કૉલેજમાં નહીં જાઉં. મેં વિચાર્યું છે કે હવે તારે ક્યાંય ન જવું. હું હવે મોટી થઈ ગઈ છું. જાતે કમાઈશ. હું પોતે કુવૈત જઈશ ....હું પાસપૉર્ટ બનાવી લઈશ ને તારી જેમ કુવૈત જઈશ... તારી જેમ ખૂબ કમાઈશ...'' આ સાથે જ બેલિંદાના ગાલ પર તમાચો પડે છે અને જાણે કે કાર્મેલીનની આ સંઘર્ષયાત્રા અવિરત આગળ વધતી હોય તેમ તેમની છેલ્લી સઘળી આશા બેલિંદાના ઉપરોક્ત વિધાન સાથે નિર્મૂળ થાય છે. એમ અહીં નવલકથાનો પણ અંતહીન સંઘર્ષ સાથે અંત આવે છે.

ઉપર્યુક્ત કથામાં બે પરિમાણ રચાય છે –

■ જિવાતા જીવનમાં શાંતિની ખોજ માટે ઝઝૂમતી સંઘર્ષશીલ નારીનું ચિત્ર

■ સમાજને લાંછન એવા અલગ અલગ ચાર પુરુષો દ્વારા ભોગવાયેલી નારીની મનઃસ્થિતિ.

કાર્મેલીન જીવનના ચઢાવ-ઉતારના પાઠ બાળપણથી જ શીખે છે. જીવનપર્યંત જન્મતી અનેક પ્રકારની ઘટનાઓ અને તેમાંથી જન્મતી ગૂંગળામણ કાર્મેલીનને લગાતાર ભોગવવી પડે છે. બાળપણમાં ટાઇફૉઇડના તાવને લીધે મા-બાપ અને ભાઈની હૂંફ ગુમાવી દીધી. નછૂટકે કાર્મેલીનને ફોઈ-ફુવાના સહારે જીવનની મંજિલ કાપવાની આવી.

ફોઈનો કર્કશ સ્વભાવ અને ભાવિની ઊજળી આશા આવા બે અસમાન ધ્રુવો વચ્ચે તાલમેલ મેળવવાની મથામણ કરતી કાર્મેલીનને ફોઈના દીકરા આગ્નેલનો સધિયારો તો મળે છે પરંતુ એ પણ આખરે છળ સાબિત થાય છે. આગ્નેલ ભોળી, નિઃસહાય કાર્મેલીનને ભોગવીને છોડી દે છે. મુગ્ધાવસ્થામાં મળેલો આ આઘાત કાર્મેલીન સહન કરી શકતી નથી. ફુવા જુઆંવના પિતા તુલ્ય વાત્સલ્યભાવને કારણે ઘણી સમજાવટથી કાર્મેલીન જૂજે સાથે લગ્ન કરવા તૈયાર થાય છે. પરંતુ આ લગ્નસમસ્યાનો અંત નહોતો, શરૂઆત હતી. દારૂડિયા અને જુગારી પતિથી કાર્મેલીનના સંસારની ચાદર તાર તાર થઈ ગઈ હતી. હવે તો એ કોઈ પણ જગ્યાએથી ફાટ્યે જતી હતી. લેખક અહીં એક એવી નારીનું ચિત્રાંકન કરે છે જેને કૌટુંબિક સુખ ક્યારેય નથી મળ્યું. મુશ્કેલીઓની શરૂઆત જ કુટુંબથી ઉદ્ભવે છે. વળી સમસ્યાઓ ઓચિંતા જ નથી આવી પડતી, સમયાંતરે સામે ખડી થતી જાય છે. સમસ્યા આવી પડે છે તો સામે આશા પણ લાવે છે. પતિ દારૂડિયો છે તો સામે પુત્રી બેલિંદા નવું આશાકિરણ લઈને જન્મે છે. અફળાતા જીવનમાં જેમતેમ સ્થિર થવાની કોશિશ કરતી કાર્મેલીન જાણે નિયતિના ખેલનું પ્યાદું હોય તેમ ફરી એક વાર જૂજેના રૂમપાર્ટનર રૂજારની વાસનાનો ભોગ બને છે.

આ ઘટનાથી તો કાર્મેલીન એકદમ હતપ્રભ થઈ જાય છે. તે વ્યથિત બની જાય છે. ''મારે માટે તો બેલિંદા સિવાય આ સંસારમાં છે કોણ ? મારે માટે તો હવે હુંય પોતાની નથી રહી. મારું આ શરીર ટકાનુંય નથી રહ્યું. એને આગ્નેલે લૂંટ્યું, જૂજેએ નિચોવી લીધું ને રૂજારે ભ્રષ્ટ કરી દીધું. એને જો ચંદનની જેમ ઘસવું છે તો તે માત્ર બેલિંદાને માટે જ. જે મારે ભોગવવું પડ્યું છે તે એને ન ભોગવવું પડે. એટલા માટે, જે મને ન મળ્યું તે એને ન મળે એટલા માટે !!! લેખકે નારીના દૈહિક શોષણ સાથે ચૈતસિક સંઘર્ષનું નિરૂપણ કર્યું છે. સામાજિક વાસ્તવિકતાને સહજ અને રસાળ રીતિએ આલેખી છે.

અણધારી રીતે આવી પડતી અસાધારણ ઘટનાઓ વચ્ચે એક નવી જ પરિસ્થિતિ આકાર લે છે. કુવૈત જેવા આર્થિક રીતે સમૃદ્ધ એવા આરબ રાષ્ટ્રમાં કમાવા જવાનું પ્રલોભન કાર્મેલીન સમક્ષ આવે છે. ચોતરફથી થાકેલી-હારેલી પ્રદેશનો નહીં. સમગ્ર પુરુષજાત કે પછી ખુદ નિયતિ સામે નારીને મૂકવી હતી. કાર્મેલીનના કુવૈત જવાથી સમસ્યાઓનો હલ થવાનો ન હતો... ત્યાં પણ નિસારના રૂપમાં સમસ્યા તો ઊભી જ હતી. લેખક અહીં કથાના લયમાં થોડો પલટો લાવે છે. સમાજની ઠોકરો ખાઈ ખાઈને જાતને સમજાવી ચૂકેલી કાર્મેલીનની નિયતિ સામે ફરિયાદ તો છે પરંતુ એ ફરિયાદ સાથે અતૃપ્ત દૈહિક સુખનો આનંદ પણ છે. ''પણ જે થયું તે થઈ જ ગયું. એ જ તો થવાનું હતું. થાકથી ચૂર થયેલી કાર્મેલીન પડી રહી ને આ ઘટનાની બૂરાઈઓમાં ભલાઈ શોધવા લાગી. શરીર તૂટી પડતું હતું. પણ એ સુખ... શા માટે નહીં ? એ સુખ જ હતું. અહીં આ પ્રકારનું પહેલું સુખ.'' આગ્નેલ અને જૂજેથી અતૃપ્ત રહેલી તેમજ તિરસ્કૃત રૂજાર દ્વારા અકલ્પનીય પરિસ્થિતિએ ભોગવાયેલી કાર્મેલીન નિસાર તરફથી દૈહિક સુખ પામ્યાનો અહેસાસ કરે છે. પરંતુ સાથે સાથે પોતાની જાત પ્રત્યે રૂએ પણ છે. નિસાર પાસેથી મળેલા પૈસા બેલિંદાના સુખ માટે મોકલતી કાર્મેલીન દૈહિક સુખ, માનસિક દુઃખ અને પુત્રી બેલિંદા પ્રત્યેની અમીભરી આશા સાથે જીવ્યે જાય છે. પરંતુ આ છેલ્લી આશા પણ ઠગારી નીવડે છે. કુવૈતથી પરત ફરેલી કાર્મેલીન જ્યારે પોતાની કોડભરી દીકરીના મુખેથી પોતાને કુવૈત જવાની વાત સંભળે છે ત્યારે કાર્મેલીન બેલિંદાના ગાલ પર તમાચો ઝીંકી દે છે. આ તમાચો આખરે તો પ્રતીક બનીને આવે છે – કાર્મેલીનની આખીય જીવનગાથાનું તમાચા વડે વ્યક્ત થયેલો આક્રોશ કાર્મેલીનના સ્વચ્છ ચારિત્ર્ય પર પ્રકાશ પાડે છે. જીવનમાં આવેલી વિષમ ઘટનાઓનો ભોગ નિયતિએ પોતાને ભલે બનાવી, પરંતુ પુત્રી બેલિંદાને તે ભોગવવું ન પડે એ જ આશાતંતુએ કાર્મેલીન જીવતી હતી. જ્યારે બેલિંદા દ્વારા તે આશાતંતુ તૂટતો જણાય છે ત્યારે પોતાનું સ્વચ્છ ચારિત્ર્ય જ વહાલી દીકરીના ગાલ પર તમાચો મારવા પ્રેરે છે. આ તમાચામાં તેની સ્વચ્છતા અને સ્વસ્થતાનો પડઘો પડે છે. – ''હા, આ ગુલાબના ફૂલની જેમ જ તેણે બેલિંદાનું લાલનપાલન કર્યું હતું. એ હંમેશાં ખીલેલી જ રહે એવો એનો પ્રયત્ન હતો. બેલિંદા એના કાળજાનો ટુકડો ! બેલિંદાનું ભાવિ જીવન ઝળકતું રહે; એનું સ્વપ્ન કોઈ રીતે સાકાર થાય !! બેલિંદાના જીવનપુષ્પની સુગંધ ફેલાતી રહે એ જ તો કાર્મેલીનના જીવનની સફળતા બની રહેશે. આ ફૂલને એકદમ પ્રફુલ્લિત રાખવું જોઈશે.'' અહીં વ્યથિત કાર્મેલીનના જીવનની બેલિંદાના સુખી જીવન પ્રત્યેની લક્ષ્યગામિતા અને બૂરાઈઓ સામે અડગ રહેનારી એક નારીનો વિજય જોવા મળે છે.

■



# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) સાહિત્યયાત્રા–૫નું આયોજન તા. ૨૪-૯-૦૯થી ૩૦-૯-૦૯ સુધી મધ્ય ગુજરાતનાં વિવિધ સ્થળોએ કરવામાં આવ્યું : વડોદરા, સાવલી, ગોધરા, લુણાવાડા, આણંદ / વલ્લભવિદ્યાનગર, નડિયાદ, ધંધુકા. અનેક સાહિત્યકારો, કેળવણીકારો, વિદ્યાર્થીઓ, ચિંતકોનું આ પરસ્પરનું મિલન ખૂબ ફળદાયી નીવડ્યું. ઓળખાણો અને સહચિંતનથી સૌ એકબીજાની વધુ નજીક આવ્યાં, તેમજ આપણી ભાષા અને સાહિત્યને વધુ વિકસિત કરવા તરફના વિચારો પ્રકટ થયા – કાર્યરત થયા. પરિષદપ્રમુખશ્રી નારાયણભાઈની કેટલેક સ્થળે ઉપસ્થિતિ રહી, જે એક પ્રબળ આકર્ષણ બની રહી. બેત્રણ સ્થળોએ નીકળેલી ગ્રંથ-યાત્રાઓનું દૃશ્ય અતિ આહ્‌લાદક અને ઉત્સાહપ્રેરક રહ્યું. શ્રી રાજેન્દ્ર પટેલ સમગ્ર કાર્યક્રમના સંયોજક હતા.

(૨) **સાહિત્યયાત્રાનું સમાપન પર્વ :** ગુજરાતનાં જુદાં જુદાં સ્થળોએ પરિષદ-પ્રમુખની રાહબરી હેઠળ યોજાયેલી સાહિત્યયાત્રાનો અંતિમ અવસર તા. ૧-૧૦-૦૯ (ગુરુવાર) અને તા. ૨-૧૦-૦૯ (શુક્રવાર)ના દિવસોએ અમદાવાદ મુકામે ઊજવાઈ ગયો. તા. ૧-૧૦ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગ્રંથયાત્રા ગુજરાત વિદ્યાપીઠથી નીકળી ગુજરાતી સાહિત્ય પરિષદ પર આવી, જેમાં પ્રમુખશ્રી નારાયણ દેસાઈ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી કુમારપાળ દેસાઈ, તેમજ અન્ય સાહિત્યકારો, વિદ્યાર્થીઓ જોડાયા હતા. પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં પરિષદ-પ્રકાશિત તેમજ અન્ય પુસ્તકોનું એક પુસ્તકપ્રદર્શન ગોઠવેલું. શ્રી નારાયણ દેસાઈએ તેનું ઉદ્‌ઘાટન કર્યું અને સૌએ વિદ્વાનોનાં પુસ્તકોની વચ્ચેથી પસાર થતાં ગર્વ અને આનંદનો અનુભવ કર્યો.

પછી તરત રા. વિ. પાઠક સભાગૃહમાં એક સાહિત્ય-સંગોષ્ઠિ યોજવામાં આવેલી – લેખકો-સાહિત્યકારો અને વિદ્યાર્થીઓ વચ્ચે. આરંભમાં શ્રી રાજેન્દ્ર પટેલે સાહિત્યયાત્રાની પરિકલ્પનાથી શરૂ કરી છેલ્લે સુધીનો એક ખ્યાલ આપતી ભૂમિકા ટૂંકમાં બાંધી આપી. પહેલાં બે વિદ્યાર્થી-વાચકોએ પોતાને પ્રિય પુસ્તકની વાત કરી. બહેન હીરલ આયરે સુન્દરમની કેટલીક પસંદ કરેલી વાર્તાઓ વિશે, તેમાં પ્રકટતી સમાજમાં નારીની સ્થિતિ વિશે તેમજ સામાજિક દૂષણો વિશે સ્પષ્ટતાથી વાત કરી. સભાનું સંચાલન કરતાં શ્રી અનિલા દલાલે બહેન હીરલને બીજી થોડી વાર્તાઓ વાંચવા અનુરોધ કરી તુલનાત્મક દૃષ્ટિથી નારીવિષયક વિચારોને તપાસવા જણાવ્યું. શ્રી ગિરીશ ગોહિલે બંગાળી લેખક શ્રી વિભૂતિભૂષણ બંદ્યોપાધ્યાયની નવલકથા ‘આરણ્યક’ની વિશદતાથી ચર્ચા કરતાં કરતાં લેખકની પ્રકૃતિ-વર્ણનની ક્ષમતા, ઘટના-વિનિયોગ (પાતળી જ કથાવસ્તુ છતાં) તેમજ ચરિત્રચિત્રણ ખોલી આપી એક ઉત્તમ લેખક તરીકે તેમની સ્થાપના કરી આપી. બન્ને વિદ્યાર્થીઓએ કરેલી વાત અભિનંદનને પાત્ર રહી. તે પછી શ્રી નારાયણ દેસાઈ, શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી હરિકૃષ્ણ પાઠકે વિદ્યાર્થીઓની પુસ્તકપ્રીતિ વધે તેમજ વાચન તરફ ખેંચાય એ વિશે પુસ્તકોનાં તેમજ અન્ય ઉદાહરણોથી પોતાની વાત રજૂ કરી. શ્રી મનસુખ સલ્લાએ આભારવિધિ કરી.

તા. ૧-૧૦ બપોરે જુદી જુદી સંસ્થાઓમાં જુદા જુદા વક્તાઓ – લેખકોના વાર્તાલાપો યોજાયા હતા : શ્રી ચી. ના. વિદ્યાવિહાર ઉચ્ચતર માધ્યમિક શાળામાં શ્રી ઉષા ઉપાધ્યાય અને શ્રી દીવાન ઠાકોર, શ્રી મ. દે. મહાવિદ્યાલય, ગૂજરાત વિદ્યાપીઠમાં શ્રી સતીશ વ્યાસ અને શ્રી કીર્તિદા શાહ, તેમજ ભાષાભવન, ગુજરાત યુનિવર્સિટીમાં શ્રી રતિલાલ બોરીસાગર. સૌએ વિશદતાથી પ્રોત્સાહક વક્તવ્યો આપ્યાં.

તા. ૧-૧૦ સાંજે ૬.૦૦ કલાકે શ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિમાં કવિ-સંમેલનનું આયોજન થયું. તેમાં નીચેના કવિઓએ પોતાનાં કાવ્યો – ગીતો – ગઝલો રજૂ કર્યાં : અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ, ચંદ્રેશ મકવાણા, હરદ્વાર ગોસ્વામી, રાજેન્દ્ર પટેલ, પ્રવીણ પંડ્યા, ઉષા ઉપાધ્યાય, બારીન મહેતા, રઘુવીર ચૌધરી, હરિકૃષ્ણ પાઠક, ધીરુ પરીખ, ચિનુ મોદી, રાજેન્દ્ર શુક્લ. શ્રોતાઓએ પઠનને માણ્યું. કવિસંમેલનનું સંચાલન શ્રી પ્રવીણ પંડ્યાએ કર્યું હતું.

ગાંધીજયંતી તા. ૨-૧૦-૦૯ની સવારે સાહિત્યયાત્રા દરમિયાન જેમનો મહત્ત્વનો યોગ હતો તે સૌનું પ્રતિનિધિત્વ કરતાં ત્રણ વક્તાઓએ યાત્રાની પૂર્ણાહુતિ પ્રસંગે પોતાનાં સંસ્મરણો હૃદયથી નિરૂપ્યાં. નવસારીના શ્રી મહાદેવભાઈ દેસાઈ પોતે તો એ વિસ્તારમાં એક વાચન-યજ્ઞ ચલાવી રહ્યા જ છે. દરમિયાન પરિષદની આ યાત્રા એમાં જોડાઈ. તેમણે એ વિસ્તારમાં વાચન માટે પ્રેરક જે જુદા જુદા પ્રયત્નો કર્યા છે – પ્રાથમિક શાળા-મહાશાળા-કૉલેજ વગેરે સ્તરોએ સ્પર્ધાઓ ગોઠવી છે તેના આયોજનની વાત કરી. સાયલાથી આવેલા શ્રી ચંદ્રકાન્ત વ્યાસે તો આજુબાજુનાં ગામોની શાળાઓમાં પોતે જઈ, પ્રતિનિધિઓ મોકલી, અંતરિયાળ વિસ્તારોમાં પણ વાચનપ્રેમને જલતો રાખવા શું શું કરી રહ્યા છે તેની વિગતો આપી. કચ્છ-માંડવીથી આવેલા શ્રી ગોરધન કવિએ પણ પોતાના તેમજ અન્ય સાથીઓના આવા પ્રયત્નોની વાત કરી, પરિષદ જેવી સંસ્થા એમાં આમ જોડાય, સહયોગ આપે છે ત્યારે કાર્ય ચેતનવંતું બને છે એમ જણાવ્યું. શ્રી નારાયણ દેસાઈ અને શ્રી રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં. સાહિત્યયાત્રા દરમિયાન જેમની સતત, અ-ખંડ ઉપસ્થિતિ રહેલી તેવા કવિશ્રી રાજેન્દ્ર શુક્લએ અધ્યક્ષસ્થાનેથી યાત્રાની ફલશ્રુતિ વિશે થોડી વાત કરી. કવિ તો ‘કાવ્ય’ની ભાષાથી વાત રજૂ કરે, વિવેચનાત્મક શૈલીમાં નહીં, એમ જણાવી કાવ્ય-પંક્તિઓથી સમાપન કર્યું. શ્રી ભારતી ર. દવેએ આભારદર્શન કર્યું.

(૩) **પરિસંવાદ :** તા. ૨-૧૦ની સાંજે ૫.૦૦ કલાકે શ્રી નારાયણ દેસાઈ લિખિત પ્રતિષ્ઠિત ગ્રંથ ‘મારું જીવન એ જ મારી વાણી’ અને શ્રી ત્રિદીપ સુહૃદ દ્વારા એ ગ્રંથના અંગ્રેજીમાં અનૂદિત ગ્રંથ ‘My Life is My Message’ વિશે એક પરિસંવાદ પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં રાખવામાં આવ્યો હતો. ગાંધીનગરના પરિષદના અધિવેશન વખતે પ્રમુખશ્રી નારાયણ દેસાઈને સ્વાગત સમિતિ તરફથી ગાંધીજીની પ્રતિમા અર્પિત કરવામાં આવી હતી તે પ્રતિમા તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદના ગ્રંથાલયમાં યોગ્ય સ્થળે મુકાય એવો વિચાર રજૂ કર્યો હતો. તેને અનુલક્ષીને આ પરિસંવાદના આરંભે, ગાંધીજયંતીના દિવસે ગ્રંથાલયમાં એ પ્રતિમાનું દક્ષાબહેન પટ્ટણીના હસ્તે પ્રતિસ્થાપન કરવામાં આવ્યું હતું.

પરિસંવાદના પ્રારંભે દિલ્હી સ્થિત, રાજ્યશાસ્ત્રના પ્રસિદ્ધ વિદ્વાન આશિષ નાન્દીએ


Parab Online
November 2009
Page: 15

ગ્રંથના અંગ્રેજી અનુવાદનું સ્વાગત કરતાં ગાંધીજીના જીવન વિશે પ્રભાવક પ્રવચન કર્યું. ગાંધીવિચારના ઊંડા અભ્યાસી દક્ષા પટ્ટણીએ ગુજરાતી ગ્રંથને કેન્દ્રમાં રાખી ગ્રંથનો સમગ્રદર્શી આલેખ આપ્યો હતો. અંગ્રેજીના અધ્યાપક અને આદિવાસી એકેડેમી, તેજગઢના સ્થાપક ગણેશ દેવીએ ત્રિદીપ સુહૃદના આ ચાર ભાગોમાં વિસ્તરેલા બૃહત્ ગ્રંથના અનુવાદની તેમજ અનુવાદકાર્યની, આટલો બૃહત્ પ્રકલ્પ લઈ સમયમર્યાદામાં પૂરો કરવા માટેની સરાહના કરી. નિરીક્ષકના તંત્રી પ્રકાશ ન. શાહે આ ગ્રંથ વિશે બોલતાં શ્રી કૃપાલાનીની આત્મકથા સાથે તેને સરખાવી પોતાની વાત કરી. ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ, ગાંધીનગરના અધ્યાપક અને સમાજવિદ્યાના તજ્જ્ઞ શિવ વિશ્વનાથને તેમની લાક્ષણિક શૈલીમાં ગાંધીજીવનની મીમાંસા કરી. અનુવાદક ત્રિદીપ સુહૃદે કૃતજ્ઞભાવે પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. પ્રમુખશ્રી નારાયણ દેસાઈની ઉપસ્થિતિએ પ્રસંગને ગૌરવપૂર્ણ બનાવ્યો હતો. આ સાંજે સમગ્ર ગોવર્ધન સ્મૃતિમંદિર શ્રોતાઓથી (જેમાં યુવાન શ્રોતાઓની સંખ્યા નોંધપાત્ર ગણાય) છલકાઈ ગયું હતું. સંચાલન તેમજ આભારવિધિ અનિલા દલાલે કર્યાં હતાં.

(૪) **રવીન્દ્રભવન :** તા. ૭-૧૦-૨૦૦૯ બુધવાર સાંજે ગોવર્ધન સ્મૃતિમંદિરમાં પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે શ્રી ભોળાભાઈ પટેલે 'રવીન્દ્રનાથનો વિવેચનગ્રંથ : પ્રાચીન સાહિત્ય' વિશે બીજો વાર્તાલાપ આપ્યો હતો. તેમણે રવીન્દ્રનાથના લેખ 'કુમારસંભવ અને શકુન્તલા' વિશે વાત કરતાં જણાવ્યું કે રવીન્દ્રનાથ બન્ને કૃતિઓમાં ભાવપરિવર્તનને સ્થાપિત કરી રહ્યા છે : કવિએ બતાવ્યું છે કે મોહમય હોઈ જે અકૃતાર્થ છે તે જ મંગલમય થઈ કૃતાર્થ બને છે; જે સૌન્દર્ય ધર્મથી સંયત છે તે જ ધ્રુવ છે અને પ્રેમનું શાન્ત, કલ્યાણરૂપ જે શ્રેષ્ઠ રૂપ છે. પછી ભોળાભાઈએ 'રામાયણ' પરના રવીન્દ્રનાથના લેખની ચર્ચા કરતાં જણાવ્યું કે તેમાં રામનું ચરિત્ર માનવચરિત્ર છે માટે જ તે મહિમાપૂર્ણ છે એ બાબતને રવીન્દ્રનાથ ખોલી આપે છે. રવીન્દ્રનાથના 'મેઘદૂત' વિશેના લેખની સાથે સાથે ભોળાભાઈએ કવિના મેઘદૂત વિશેનાં બે કાવ્યોની વાતને પણ ગૂંથી લીધી હતી. સમગ્ર વક્તવ્ય અભ્યાસપ્રચુર અને રસપૂર્ણ રહ્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ-૯

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| ૧. | ક. લા. સ્વાધ્યાય મંદિરમાં મળેલ દાન : | | |
| | બી. કે. મજમુદાર ચેરિટી ટ્રસ્ટ | અમદાવાદ | ૨,૫૦,૦૦૦ |
| | (હ. શ્રી શ્રેણિકભાઈ શેઠ તરફથી) | „ | ૧,૫૦,૦૦૦ |
| ૨. | અનિરુદ્ધનિધિ (લેખકનિધિ માટે મળેલ દાન : | | |
| | હ. શ્રી હરેશભાઈ મહેતા (હ. શ્રી અંકિત ત્રિવેદી) | – | ૩૧,૦૦૦ |
| ૩. | જયંતિ દલાલ શતાબ્દી નિમિત્તે મળેલ દાન : | | |
| | પૂર્ણિમાબહેન પાઠક | અમદાવાદ | ૫,૦૦૦ |
| ૪. | પરબ અપીલ પેટે મળેલ દાન : જયંત આર. પટેલ | હિમ્મતનગર | ૫૦૦ |
| ૫. | ચિ. મં. ગ્રંથાલય માટે મળેલ દાન : દિલીપ ચંદુલાલ | અમદાવાદ | ૧,૦૦૦ |



## સમાચાર-નોંધ

ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ કામગીરી અને હોદ્દાઓ માટેની ચૂંટણી યોજાઈ હતી. તેમાં કેટલાક ઉમેદવારોએ ચૂંટણી ન કરવી પડે એ માટે, સ્વૈચ્છિક રીતે પોતાની ઉમેદવારી પાછી ખેંચીને, ઉત્તમ પરંપરા જાળવવામાં સહકાર આપ્યો છે તેની સાનંદ નોંધ લેવી જોઈએ.

વિવિધ કામગીરી માટે બિનહરીફ વરણી પામેલા અને જેમણે પોતાની ઉમેદવારી પાછી ખેંચી છે તેવા સભ્યોની યાદી નીચે આપી છે. ગુ. સા. પરિષદનાં કામગીરી અને વિકાસમાં આ તમામ સભ્યો સક્રિય રહેશે તેવી ભાવના સૌએ દર્શાવી છે.

**વહીવટી મંત્રી**

### કાર્યવાહક સમિતિ (૧-૧-૨૦૧૦થી ૩૧-૧૨-૨૦૧૩)

| ક્રમ | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|
| ૧ | વર્ષા અડાલજા | ઉપપ્રમુખ | મુંબઈ |
| ૨ | અનિલા દલાલ | ઉપપ્રમુખ | અમદાવાદ |
| ૧ | રાજેન્દ્ર બી. પટેલ | વહીવટીમંત્રી | અમદાવાદ |
| ૨ | પ્રફુલ્લ રાવલ | પ્રકાશનમંત્રી | વીરમગામ |
| ૩ | નીતિન વડગામા | પ્રસારમંત્રી | રાજકોટ |
| ૪ | જનક નાયક | વિકાસમંત્રી | સુરત |
| ૧ | માધવ રામાનુજ | કોષાધ્યક્ષ | અમદાવાદ |
| ૧ | પ્રકાશ ન. શાહ | સામાન્ય સભ્ય | અમદાવાદ |
| ૨ | ભોળાભાઈ પટેલ | „ | „ |
| ૩ | મોહન પરમાર | „ | „ |
| ૪ | રવીન્દ્ર પારેખ | „ | સુરત |
| ૫ | પ્રકાશચંદ્ર આર. પંડ્યા | „ | મહેસાણા |
| ૬ | વિરંચિ એમ. ત્રિવેદી | „ | વડોદરા |
| ૭ | હરિકૃષ્ણ પાઠક | „ | ગાંધીનગર |

### ઉમેદવારી પરત ખેંચેલા સભ્યોની યાદી

| | ક્રમ | નામ | હોદ્દો | ગામ |
|---|---|---|---|---|
| ૧ | ૧ | માધવ રામાનુજ | ઉપપ્રમુખ | અમદાવાદ |
| | ૨ | હરિકૃષ્ણ પાઠક | „ | ગાંધીનગર |
| ૨ | ૧ | ડાહ્યાભાઈ પટેલ 'માસુમ' | પ્રકાશનમંત્રી | વિસનગર |
| | ૨ | ઉષા ઉપાધ્યાય | „ | અમદાવાદ |
| ૩ | ૧ | પ્રિયકાન્ત પરીખ | સામાન્ય સભ્ય | અમદાવાદ |
| | ૨ | યશવંત કડીકર | „ | „ |
| | ૩ | મનસુખ સલ્લા | „ | „ |
| | ૪ | કીર્તિદા શાહ | „ | „ |
| | ૫ | રાજેન્દ્ર બી. પટેલ | „ | „ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ભારતી ર. દવે .................. | „ | અમદાવાદ |
| ૭ | પ્રફુલ્લ દેસાઈ .................... | „ | સુરત |
| ૮ | અજય પાઠક ..................... | „ | ભાવનગર |
| ૯ | નીતિન વડગામા ................... | „ | રાજકોટ |

### ક. લા. સ્વાધ્યાય મંદિરના નિયામક શ્રી રમેશભાઈ ર. દવેનો વિદાયસમારંભ

તા. ૩૦-૯-૨૦૦૯ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામક શ્રી રમેશભાઈ ર. દવે વયમર્યાદાના લીધે નિવૃત્ત થતાં એમને વિદાય આપવા પરિષદભવનમાં સમારંભનું આયોજન થયું હતું અને એમની સુદીર્ઘ સેવાને બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે પૂર્વપ્રમુખ શ્રી રઘુવીર ચૌધરી, શ્રી વિનોદ ભટ્ટ અને વર્તમાન પ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં ગૌરવપૂર્ણ રીતે સમારંભ સંપન્ન થયો હતો. રમેશભાઈ દવેએ પ્રતિભાવમાં કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. શ્રી મનસુખભાઈ સલ્લાએ સમારંભનું સંચાલન કર્યું હતું અને શ્રી અનિલાબહેન દલાલે આભારવિધિ કરી હતી.

## અનેરી સમન્વયયાત્રા | રાજેન્દ્ર પટેલ

સાહિત્યયાત્રાનો એક સર્વસામાન્ય અનુભવ એ રહ્યો કે સ્થળે સ્થળે યાત્રાનો અનુભવ જુદો જુદો રહ્યો. દરેક કાર્યક્રમનાં રંગરૂપ અલગ અલગ રહ્યાં. જાણે આખી યાત્રા જ સર્જનાત્મક અનુભૂતિનો વિષય બની ગઈ. તા. ૨૬ સપ્ટેમ્બર ૨૦૦૯ની એ સવાર ક્યારેય નહીં ભુલાય. સાહિત્યયાત્રા – પાંચનો ત્રીજો દિવસ. ગ્રંથયાત્રાનો આરંભ શરણાઈના સૂર અને ઢોલકની થાપથી, સ્થાનિક કલાકારોએ કર્યો. પછી ઊંટગાડીમાં પુસ્તકો. એની પાછળ હિન્દુ, મુસ્લિમ, શીખ વગેરે વિદ્યાર્થિનીઓ પછી વિદ્યાર્થીઓ, સાહિત્યકારો અને નગરજનો. લગભગ ૧૨૦૦ વ્યક્તિઓની આ ગ્રંથયાત્રા જોવા શેરીઓમાં લોકો અટારીમાં ટોળે વળેલાં. ચોરેચૌટે થતાં સ્વાગત અને આવકારમાં નગરજનોનો ભાવ સ્પંદિત થતો હતો. બેનર્સ, પ્લેકાર્ડ અને ''માતૃભાષા અમર રહો''ના નારાથી આખી ગ્રંથયાત્રા વધુ જીવંત થઈ ઊઠી'તી. ઠેર ઠેર જાહેરાતનાં પાટિયાં વચ્ચે ગ્રંથયાત્રાનાં બેનર્સ મગરૂરીથી ફરફરતાં હતાં. ગોધરા શહેરમાં યોજાયેલી આ સાહિત્યયાત્રાએ એક નવો અર્થ આપ્યો. 'સમન્વયયાત્રા' જ્યારે ગ્રંથયાત્રા સભામાં રૂપાંતર થઈ ત્યારે શ્રોતાઓમાં આઠ વર્ષનો બાળકલાકાર પણ હતો ને સો વર્ષના સાહિત્યરસિક દાદાજી પણ હતા. સંગીત, નૃત્ય, કાવ્યપઠન, કાવ્યગાન વગેરેમાં નવસર્જકો સાથે નીવડેલા સાહિત્યકારો – કળાકારોએ પણ ભાગ લીધો. સ્થાનિક મિત્ર વિનોદ ગાંધી, કુમાર જૈમિની પંડ્યા, ઋષભ મહેતા વગેરેએ ખૂબ મહેનત કરી હતી. તો બહારથી જયદેવ શુક્લ, મણિલાલ હ. પટેલ તથા રાજેન્દ્ર શુક્લ, નયના જાની, અનિલ ચાવડા, કૃષ્ણ દવે વગેરે ઉપસ્થિત હતાં. સભામાં અંતે ભાગ્યેશ જહાએ પણ ઉપસ્થિત રહી માતૃભાષાનો મહિમા કર્યો હતો.

આમ, મધ્ય ગુજરાતની આ આખી સાહિત્યયાત્રા ખૂબ સફળ રહી. પ્રથમ પડાવ વડોદરા (તા. ૨૪-૯-૦૯)નો હતો. હરિકૃષ્ણ પાઠક, મનસુખ સલ્લા અને ઉષાબહેન ઉપાધ્યાય સીધા આવ્યાં હતાં. નારાયણભાઈ, રાજેન્દ્ર શુક્લ, નયના જાની – અમે સૌ પહેલાં પહોંચ્યાં સરદાર સ્કૂલ ખાતે. આ કાર્યક્રમની વિશિષ્ટતા એ રહી કે સ્થાનિક કળાકારોએ ભવાઈના પ્રયોગ દ્વારા સાહિત્યયાત્રાના ઉદ્દેશોને રજૂ કર્યા. ઉત્કર્ષ સ્કૂલના કાર્યક્રમમાં નયનાબહેનની કવિતા 'ગુજરાતીમાં' છવાઈ ગઈ. બપોરનું ભોજન જગદીશભાઈ શાહને ત્યાં લીધું ને તરત જ દોડી પહોંચ્યાં યુનિવર્સિટીની રેલીમાં. શિરીષ પંચાલ સહિત લગભગ બધા સાહિત્યકાર મિત્રો ઉપસ્થિત રહ્યાં. નીતા ભગતે ગુજરાતી વિભાગમાં નારાયણભાઈનું સ્વાગત કર્યું ને પછી સભામાં રૂપાંતર પામેલી સંગોષ્ઠિ યોજાઈ. ત્યાંથી સીધા તાલીમ કેન્દ્રના શિક્ષકો અને વિદ્યાર્થીઓ સમક્ષ એક ગોષ્ઠિનું આયોજન થયું. હજુ સાંજ પડે ત્યાં પ્રેમાનંદ સભામાં ગોઠવાયેલી સભામાં દોડવું પડ્યું. નારાયણ દેસાઈ યાત્રામાં ભાગ લે એ પહેલાં એમના ડૉક્ટરે એક શરત કરી હતી. તેમને એક કે બે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાની છૂટ આપેલી. અમે એક તરફ એ ચિંતામાં ને બીજી તરફ લોકોની નારાયણભાઈની ઉપસ્થિતિની અપેક્ષા. બંને વચ્ચે ખાસ્સા રહેંસાયા. ક્યાંક મિત્રોને નારાજ પણ કર્યાં. પરંતુ પ્રેમાનંદ સભામાં નવરાત્રિના માહોલમાંથી સાહિત્યકાર મિત્રો આવેલાં ને એક સરસ સાહિત્યગોષ્ઠિ યોજાઈ. સરસ સંવાદ થયો. ખાસ તો રાજેશ પંડ્યા અને પ્રદીપ પંડ્યાના વિચારો ખૂબ ઉપકારક લાગ્યા. ઘણાં વડીલોએ આ આખા ઉપક્રમમાં ભાગ લીધો. પ્રેમાનંદ સભાના તમામ હોદ્દેદારોની સામેલગીરી અનન્ય હતી.

સાવલીની સાહિત્યયાત્રામાં શિરીષ પંચાલ અને રાજેશ પંડ્યા જોડાયા. મણિલાલ હ. પટેલ સીધા આવી પહોંચ્યા. જયદેવ શુક્લ અને મિત્રોએ બીજી સંસ્થાઓની મદદથી આખા દિવસના કાર્યક્રમો ગોઠવેલા. સાવલી કૉલેજનો કાર્યક્રમ પત્યા પછી ગ્રંથયાત્રા રૂપે સાવલી હાઈસ્કૂલમાં ગયાં અને ત્યાં સભા ભરી. કન્યાશાળામાં વિદ્યાર્થિનીઓ અને શિક્ષકો સાથે વિશદ સાહિત્યગોષ્ઠિ થઈ પણ, ખરી કસોટી ગંગોત્રી સ્કૂલનાં બાળકો સાથે થઈ. નાનાં બાળકોને આપણી વાત કેવી રીતે પહોંચાડવી ! નયનાબહેનનાં બાળકાવ્યો ખપમાં આવ્યાં. રાજેશ પંડ્યાએ બાળગીત ગવડાવ્યું ત્યારે સૌ કોઈ એની કાબેલિયત પર ડોલી ઊઠ્યા. રાજેશ પંડ્યાની આ ખૂબીની તો કલ્પના જ ન હતી. યાત્રા દરમ્યાન નજીકના મિત્રોની છૂપી ખૂબીઓ ખૂબ અંકે થઈ છે. રાતે જયદેવ શુક્લની બાને વંદના કરવા ગયાં. એમનું ઘર અને પ્રેમ બંને જાણે સાહિત્યયાત્રાનો એક ભાગ જ બની ગયાં. મોડી રાત સુધી સાહિત્યયાત્રા અંતર્ગત અનેક મુદ્દા ચર્ચતાં હંમેશાં થાકને બદલે તાજગી જ મળી છે !

લુણાવાડાનો ચોથો દિવસ પણ અદ્ભુત રહ્યો. સાહિત્યયાત્રાની રેલીમાં આગળ એન.સી.સીનું બૅન્ડ, પછી વિદ્યાર્થિનીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, નગરજનો અને છેલ્લે નારાયણ દેસાઈ સાથે સ્થાનિક સાહિત્યકારો અને સાથી સાહિત્યકારો જોડાયાં હતાં. નારાયણ દેસાઈનો વેશ જોવા જેવો હતો... ઘૂંટણ સુધી લુંગી, માથે ફાળિયું ને અંગે બંડી. અસલ દાંડીકૂચના ગાંધી યાદ આવ્યા. ભરબપોરે એમની સાથે સાથે પ્રવીણ દરજી, કાનજી પટેલ સહિત સ્થાનિક મિત્રો અને યાત્રામાં જોડાયેલાં સાહિત્યકારો તો ખરાં જ. દરેક કાર્યક્રમને અંતે રાજેન્દ્ર શુક્લનો કાવ્યપાઠ થતો. નારાયણભાઈ કહેતાં : આપણામાં આ એક મૂર્ધન્ય અને આપણે બધાં ધન્ય ! પંચશીલ હાઈસ્કૂલમાં સભા અને વિરામ બાદ સ્થાનિક વિદ્યાર્થીઓ

દ્વારા પુસ્તકગોષ્ઠિ યોજાઈ. લગભગ દસબાર પુસ્તકો વિશે ખૂબ ટૂંકમાં છણાવટથી વિદ્યાર્થીઓને વક્તવ્ય આપતાં જોઈ સંતોષ અને ગર્વની લાગણી થઈ. કેટલાંક વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષકો સહિત સૌને દંગ પમાડે તેવી હતી. કુલ ૨૧ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં સામેલ હતા જેમને પહેલી વાર આટલો મોટો મંચ મળ્યો હતો. ત્યાંના જૂના પુસ્તકાલયમાં પુસ્તકપ્રેમીઓ અને નગરજનો સાથેની સંગોષ્ઠિ ઉત્તમ રહી. રાતના કાર્યક્રમમાં કવિઓ ઉપરાંત સ્થાનિક નવોદિતો પણ જોડાયાં અને અંતે પ્રવીણભાઈ દરજીનું અદ્‌ભુત સમાપન રહ્યું. નરેન્દ્ર જોષી અને એમનાં પત્નીએ એટલી બધી કાળજી લીધી હતી કે છૂટાં પડતાં સ્વજનના સ્નેહનો અનુભવ થયો. વહેલી સવારે નીકળતાં લુણાવાડાની રમણીય ટેકરીઓથી છૂટા પડવાનું મન થતું ન હતું.

આણંદ પહોંચ્યા તે દિવસે દશેરાની રજા હતી. બધું જ બંધ. તોય એન. એસ. પટેલ કૉલેજનો હૉલ વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને સાહિત્યકારોથી છલકાયો. દીવાન ઠાકોર અમદાવાદથી આવેલાં અને યોગાનુયોગ અમરેલીના હર્ષદ ચંદારાણાય હાજર રહ્યા. સ્થાનિક સાહિત્યકારોમાં ખાસ જૉસેફ મૅકવાન હાજર રહ્યા અને એમણે સરસ વક્તવ્ય આપ્યું. પરમ પાઠક, ભગીરથ બ્રહ્મભટ્ટ અને બીજા મિત્રોય ઉપસ્થિત રહ્યા. અજયસિંહ ચૌહાણનો પરિશ્રમ લેખે લાગ્યો. ઉત્તમ સાહિત્ય-સંગોષ્ઠિ યોજી શકાઈ. એ દિવસે ત્યાં પરિષદના પુસ્તકનું વેચાણ રાખ્યું હતું. ત્રણચાર કલાકમાં તમામ પુસ્તકો ખરીદાઈ ગયાં એ આજની પેઢીનો ઉત્સાહ નહીં તો બીજું શું ? ટ્રસ્ટી હાજર રહ્યા અને પ્રિન્સિપાલ ખડે પગે. લાગે છે સાહિત્યયાત્રાને અનેક સંસ્થાઓનો સહકાર સાંપડ્યો એ સમાજનો પરિષદ પ્રત્યેનો લગાવ દર્શાવે છે. સ્થળે સ્થળે યુવાન સાહિત્યકારોનો ઉમળકો જોઈ સાહિત્યની આવતીકાલ માટે ચિંતા કરવા જેવું નથી. એમની નિસબત પણ સાંપડી છે એ મોટી મૂડી છે. વલ્લભવિદ્યાનગરનો કાર્યક્રમ પણ વિશિષ્ટ રહ્યો. વિદ્યાર્થીઓનાં વક્તવ્યો બાદ કાવ્યસંમેલન પણ યોજાયું. સ્થાનિક સાહિત્યકાર જયેન્દ્ર શેખડીવાળા, અશોકપુરી ગોસ્વામી, જયંત ઓઝા વગેરેનો સક્રિય ફાળો રહ્યો. રાજેન્દ્રસિંહ જાડેજાએ એમની સંસ્થામાં આયોજન કર્યું તો પીયૂષ જોષીએ સઘળો કાર્યભાર ઉપાડ્યો. અનેક મિત્રો હાજર હતાં એનો સવિશેષ આનંદ છે.

સાહિત્યયાત્રા દરમિયાન કેટલાંક દુર્લભ દૃશ્યો સહજ ઊભાં થતાં રહ્યાં એક દૃશ્ય કદી નહિ ભુલાય. સ્થળ નડિયાદ હાસત મહેતાનો દીવાનખંડ, સાંજનો સમય. એક સોફા પર નારાયણ દેસાઈ, યાજ્ઞિક સાહેબ બેઠા છે; બીજા સોફા પર કુમારપાળ દેસાઈ અને રતિલાલ બોરીસાગર બેઠા છે, ત્રીજા પર રાજેન્દ્ર શુક્લ, નયનાબહેન, વિનોદ અધ્વર્યુ છે; જમીન પર હું અને હસિત બેઠા છીએ. ચર્ચાનો મુદ્દો દિવસ દરમ્યાન થયેલા કાર્યક્રમોના મૂલ્યાંકનનો છે. એમાંથી અનાયાસ જ સવારની રેલીની વિશિષ્ટતા નજરે પડી. રેલી દરેક સાક્ષરોના ઘર પાસેથી તેમને વંદન કરતી આગળ વધેલી. નક્કી એવું થયું હવે દરેક સ્થળે દિવંગત સાહિત્યકારો પ્રતિ વંદનાનો કાર્યક્રમ યોજવો. એનો અમલ પણ બીજા દિવસે ધંધૂકાથી જ થયો. હેમચંદ્રાચાર્યના સ્મારક પાસે આખી રેલી પહોંચી. વિદ્યાર્થીઓ સહિત બધાંએ એ સ્થળની મુલાકાત લીધી. નડિયાદના બધા જ કાર્યક્રમો ઉત્તમ રહ્યા. હસિત મહેતા ને યાજ્ઞિકસાહેબે નડિયાદમાં બહુ સક્રિય વાતાવરણ રચ્યું હતું. સિનિયર સિટિઝન સાથેની પ્રશ્નોત્તરી હોય કે નગરજનો સાથે સંવાદ હોય – બધાય કાર્યક્રમો ઉત્તમ રહ્યા. માતૃભાષા અને સાહિત્યના બધાય સંદર્ભો સૌને અવગત કરતાં કરતાં જાણે અવનવાં તારણો અને પરિમાણો પણ ઊભરતાં જાય છે.

ધંધૂકાનો દિવસ કંઈ જુદી રીતે પસાર થયો. અમદાવાદથી સતીશ વ્યાસ આવેલા. સ્થાનિક સંયોજક તરીકે રઘુવીરસિંહ ચુડાસમા હતા. ડી. એ. હાઈસ્કૂલથી હેમચંદ્રાચાર્યના સ્મારક સુધી રેલી નીકળી. રેલીમાં ભાગ લેનાર સ્થાનિક વ્યક્તિઓએ પણ કદાચ આ સ્થાનમાં આ પહેલાં પ્રવેશ નહીં કર્યો હોય એમ લાગતું હતું. સર્વ શિક્ષકો, આચાર્ય, ટ્રસ્ટીઓનો ઉમળકો એવો હતો કે સૌને દાળબાટીનું ભોજન કરાવ્યું.

કેટકેટલી રીતે સાહિત્યયાત્રાના ઉદ્દેશો સંક્રાંત થાય છે એ વિશે વાત કરવા તો કંઈ કેટલાંય પાનાં જોઈએ. અમદાવાદની રેલીમાં છેલ્લે પ્રકાશ ન. શાહે જે નારા બોલાવ્યા એ જોઈ હવે પછીની યાત્રાઓમાં એમનો આગવો લાભ લેવો એવું નક્કી થઈ ગયું છે. તો તમામ હોદ્દેદારો રેલીમાં જોડાયા, પરિષદના પારુલબહેન દેસાઈ, ઈતુભાઈ અને તમામ સ્ટાફે ઊભા પગે બંને દિવસ કામ કર્યું. ૧લી ઑક્ટોબરે બપોરના ત્રણ સંસ્થાઓમાં કીર્તિદાબહેન, રતિલાલ બોરીસાગર અને સતીશ વ્યાસે યાત્રાના ભાગ રૂપે સાહિત્ય સંવાદ યોજ્યો હતો. રાતના કવિસંમેલનનું પ્રવીણ પંડ્યાએ સંચાલન કર્યું હતું. ૨જી ઓક્ટોબરે સાહિત્યયાત્રાના સમાપન-કાર્યક્રમમાં નવસારીથી મહાદેવભાઈ દેસાઈ તથા જયપ્રકાશભાઈ, સુરેન્દ્રનગરથી ચંદ્રકાન્ત વ્યાસ, માંડવીથી ગોરધનભાઈ કવિ, લુણાવાડાથી નરેન્દ્ર જોષી ઉપરાંત અનેક સ્થળોથી સાહિત્યયાત્રાના સંયોજકો હાજર રહ્યા હતા. આ સાહિત્યયાત્રા સતત ચાલતી જ રહેવી જોઈએ એવો બધાનો સૂર હતો. બધાએ આ માટેની કટિબદ્ધતા દર્શાવી હતી.

**નોંધ :** આ લેખમાં કોઈ મિત્રનું નામ રહી ગયું હોય તો ક્ષમ્ય ગણવા વિનંતી કારણ કે લેખનો ઉદ્દેશ 'મધ્ય ગુજરાતની સાહિત્યયાત્રાની ગતિવિધિની નોંધ' જણાવવી એવો છે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ : પિસ્તાલીસમું અધિવેશન

ગુજરાતી સાહિત્ય પરિષદનું પિસ્તાલીસમું અધિવેશન શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષપદે બાનો ભીખ્ખુ સાહિત્યસભાના ઉપક્રમે, નવસારીમાં તા. ૨૫-૨૬-૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ યોજવામાં આવ્યું છે. અધિવેશનનો કાર્યક્રમ નીચે મુજબ રહેશે :

**પહેલી બેઠક – ઉદ્‌ઘાટનબેઠક : તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, બપોરના ૩.૦૦થી ૬.૦૦**

ગીત, સ્વાગતમંત્રીનું નિવેદન, સ્વાગત પ્રમુખનું પ્રવચન, મહેમાનોનું સ્વાગત, પરિષદમંત્રીનો વાર્ષિક અહેવાલ, નિવૃત્ત થતા પ્રમુખશ્રીનું વક્તવ્ય : શ્રી નારાયણભાઈ દેસાઈ, પ્રમુખશ્રીને કાર્યભાર-સોંપણી, ઉદ્‌ઘાટન (દીપપ્રાગટ્ય), ઉદ્‌ઘાટક : શ્રી મહાશ્વેતાદેવી, વરાયેલા પ્રમુખશ્રીનો પરિચય, પ્રમુખશ્રીનું વ્યાખ્યાન : શ્રી ભગવતીકુમાર શર્મા, અતિથિવિશેષનું વક્તવ્ય : શ્રી ભોળાભાઈ પટેલ, આભારવિધિ

**બીજી બેઠક : આસ્વાદ : તા. ૨૫-૧૨-૦૯, શુક્રવાર, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦**

કાવ્યપ્રત્યક્ષ : કવિતા : ગાન, પઠન અને આસ્વાદ – અધ્યક્ષ : નીતિન વડગામા

**ત્રીજી બેઠક – સર્જન વિભાગ :**

**તા. ૨૬-૧૨-૦૯, શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, સવારે ૯.૦૦થી ૧૨.૦૦**

**ગુજરાતીમાં નિબંધ : સ્વરૂપ અને વિકાસ**

અધ્યક્ષ : શ્રી રતિલાલ બોરીસાગર

સંચાલન : શ્રી અનિલા દલાલ

હાસ્યનિબંધ : રતિલાલ બોરીસાગર

લલિતનિબંધ : ભગીરથ બ્રહ્મભટ્ટ

વિચારપ્રધાન નિબંધ : કાંતિ શાહ

પ્રવાસનિબંધ : ભારતીબહેન રાણે

**ચોથી બેઠક – વિવેચન-સંશોધન વિભાગ :**

**શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, બપોરે ૩.૦૦થી ૬.૦૦**

અધ્યક્ષ : શરીફા વીજળીવાળા

સંચાલન : ભારતી ર. દવે

વક્તાઓ : મીનળ દવે, પિનાકિનીબહેન પંડ્યા, નરેશ શુક્લ

**પાંચમી બેઠક – રાત્રી કાર્યક્રમ** (યજમાન સંસ્થા તરફથી)

શનિવાર, તા. ૨૬-૧૨-૦૯, રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦

રવિવાર, તા. ૨૭-૧૨-૦૯, સવારે ૮.૦૦થી ૯.૦૦

સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિ બેઠક

**છઠ્ઠી બેઠક – પરિસંવાદ : ભાષા-સાહિત્ય ક્ષેત્રે પારસીઓનું પ્રદાન**

અધ્યક્ષ : મેરુ બંગાલી

સંચાલન : રવીન્દ્ર પારેખ

નવલકથાક્ષેત્રે : દર્શના ધોળકિયા

નાટ્યક્ષેત્રે : યઝદી કરંજિયા

સંશોધનક્ષેત્રે : દસ્તુર ફિરોજ કોટવાલ

કવિતાક્ષેત્રે : ડૉ. જાલ તુરેલ

**સાતમી બેઠક : રવિવાર, તા. ૨૭-૧૨-૦૯, સવારે ૧૧.૩૦થી ૧.૦૦**

ગુજરાતી સાહિત્ય પરિષદનું ખુલ્લું અધિવેશન, ઠરાવો અને સમાપનબેઠક

સ્વાગતપ્રમુખનો પ્રતિભાવ, પરિષદપ્રમુખનો પ્રતિભાવ, આભારવિધિ

**નોંધ :** અધિવેશનમાં ભાગ લેવા માગતા ડેલિગેટ્સે ભોજન-ઉતારા ફી રૂ. ૨૦૦ તથા ડેલિગેટ ફી રૂ. ૧૦૦ ભરવાની રહેશે. વિદ્યાર્થીઓને ૫૦ ટકા કન્સેશન મળશે (કાર્યક્રમનો અહેવાલ રજૂ કરે તે વિદ્યાર્થીને સર્ટિફિકેટ આપવામાં આવશે). ભોજન-ઉતારા ડેલિગેટ ફી તા. ૧૦-૧૨-૦૯ સુધીમાં પરિષદ કાર્યાલયમાં ભરી દેવામાં આવે તો વ્યવસ્થામાં વિશેષ અનુકૂળતા રહેશે.



# સાહિત્યવૃત્ત

સંકલન : પ્રફુલ્લ રાવલ

### ‘પરિચિત’નું પ્રાગટ્ય

૨૫ સપ્ટેમ્બરના રોજ ડૉ. કેસર મકવાણાના વિવેચનગ્રંથ ‘પરિચિત’નો પ્રાગટ્યવિધિ ડૉ. વિનોદ જોશીના હસ્તે થયો. આ પ્રસંગે સાહિત્યકાર નાનાભાઈ જેબલિયા અને અન્ય સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

### કનુભાઈ પંડ્યાના બે કાવ્યસંગ્રહનું વિમોચન

૪ ઑક્ટોબરના રોજ ભાવનગર ખાતે કનુભાઈ પંડ્યાના બે કાવ્યસંગ્રહ – ‘લખલૂટ લીલાશ’ અને ‘ક્યાં સુધી હવે ?’નું વિમોચન તખ્તસિંહ પરમાર, રક્ષાબહેન દવે, ‘રાહી’ ઓધારિયા અને અજય પાઠકના હસ્તે થયું હતું.

### ‘વડલો હીંચકે ઝૂલે’નો લોકાર્પણ ઉત્સવ

૨૭ સપ્ટેમ્બરના રોજ મુકેશ પુરોહિતના પ્રથમ ગીતસંગ્રહ ‘વડલો હીંચકે ઝૂલે’નો લોકાર્પણ ઉત્સવ ઘોઘાવદર – ગોંડલ ખાતે સંપન્ન થયો હતો. રમેશભાઈ અને સુધાબહેનના હસ્તે લોકાર્પણ થયું. ભાનુપ્રસાદ પંડ્યા ઉત્સવના અધ્યક્ષ હતા અને નિરંજન રાજ્યગુરુની ઉપસ્થિતિ હતી.

### નાટ્યલેખક – દિગ્દર્શક કાર્યશિબિર

થિયેટર-મીડિયા સેન્ટર દ્વારા, દિલ્હી નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા અને સંગીત નાટક અકાદમીના સહયોગથી નાટ્યલેખક – દિગ્દર્શકની કાર્યશિબિરનો પહેલો તબક્કો સપ્ટેમ્બરમાં, બીજો તબક્કો ઑક્ટોબરમાં યોજવામાં આવ્યો. હવે નવેમ્બર માસમાં ત્રીજો અને ત્યારબાદ ચોથો તબક્કો યોજાશે.

### ડૉ. નીતા ભગતનો વાર્તાલાપ

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત ‘સાહિત્યસૃષ્ટિ’ના ઉપક્રમે વડોદરામાં ડૉ. નીતા ભગતે ‘સાહિત્યનો પ્રભાવ’ વિશે વાર્તાલાપ આપ્યો હતો.

### ગઝલલેખન શિબિર

અખિલ હિંદ મહિલા પરિષદ, સૂરતના ઉપક્રમે ગઝલલેખન શિબિરનું આયોજન થયું હતું. તેમાં નવોદિતોને રવીન્દ્ર પારેખે માર્ગદર્શન આપ્યું હતું.

### ‘પરમાર્થ પરબ

ડૉ. પ્રતાપ પંડ્યાએ ઉત્તમ સાહિત્યના પ્રચાર-પ્રસાર અર્થે પોતાના નિવાસસ્થાને (વડોદરા) પુસ્તકોની પરબ માંડી છે.